**તા.:૧૯– ૦૪–૨૦૨૧ના રોજ મળેલ કારોબારી કમીટીની કાર્યનોંધ..**

**.....................................................................................................**

**કા.સ.ઠ.નં.૦૧ / તા.:૧૯–૦૪–૨૦૨૧**

**——————————————————————————————————————**

**કામ નં.–૧.**

**વિષયઃ–** **શહીદ ચોક વિસ્તારમાં આવેલ મિ.નં. ૫ / ૫૦૧ જે મ્યુની. દફતરે વાઘેલા કમલેશ કાનાભાઈના નામે રહેણાંક તરીકે ચાલે છે. તે મિલકતમાં આર.ઓ.પ્લાન્ટ નાખી વોટર સપ્લાયનો ધંધો કરવા માંગે છે.જેમને કોમર્શીયલ લાઈટ મીટરની જરૂર હોય, જે મિલકત નં.૫ / ૫૦૧,ને કોમર્શીયલ કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**ઠરાવ.:**

**આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, શહીદ ચોક વિસ્તારમાં આવેલ મિ.નં. ૫ / ૫૦૧ જે મ્યુની. દફતરે વાઘેલા કમલેશ કાનાભાઈના નામે રહેણાંક તરીકે ચાલે છે. તે મિલકતમાં અરજદારનો પુત્ર આર.ઓ.પ્લાન્ટ નાખી વોટર સપ્લાયનો ધંધો કરવા માંગે છે. જેમને કોમર્શીયલ લાઈટ મીટરની જરૂર હોય, સદરહું મિલકતના માલીક કમલેશ કે. વાઘેલાએ લખી આપેલ નોટરીના સહીસિકકા કરેલ સંમતિપત્રના આધારે જે મિલકત નં.૫/૫૦૧,ને કોમર્શીયલ કરવા અંગે, પેપરમાં જાહેરાત પ્રસિધ્ધી કરાવી વાંધા સુચનો મંગાવી, એન.ઓ.સી.આપવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૦૨ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

**કામ નં.–૨.**

**વિષયઃ–** બેચર રોડ ઉપર આવેલ જય અંબે ટ્રેકટર લગભગ ૪૦ વર્ષથી કસ્તુરબા હોસ્પીટલ હસ્તક જમીનના અમલામાં ધંધો કરે છે. તે મિલકત મ્યુની.દફતરે આકારણી રજીસ્ટરે ચાલતી નથી.અરજદારે રજુ કરેલ ભાડા કરાર તથા ભાડા પાવતી,જુનું લાઈસન્સ રજુ કરેલ છે. જેના આધારે અરજદાર કાંતીભાઈ એલ.ટેલરના નામે નવી દુકાનની આકારણી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

**ઠરાવ.:**

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, બેચર રોડ ઉપર આવેલ જય અંબે ટ્રેકટર લગભગ ૪૦ વર્ષથી કસ્તુરબા હોસ્પીટલ હસ્તક જમીનના અમલામાં ધંધો કરે છે. તે મિલકત મ્યુની.દફતરે આકારણી રજીસ્ટરે ચાલતી નથી.અરજદારે રજુ કરેલ ભાડા કરાર તથા ભાડા પાવતી, જુનું લાઈસન્સ જેવાં પુરાવાઓ રજુ કરેલ છે. જેના આધારે અરજદાર કાંતીભાઈ એલ. ટેલરના નામે નવી દુકાનની આકારણી કરવા અંગેના આવેલ કામે,૩૦૦રૂા.ના સ્ટેમ્પ પેપર પર કસ્તુરબા હોસ્પીટલ ટ્રસ્ટ સાથેના ભાડા–કરારની ખરી નકલ તેમજ સદરહુ જમીન માલીકીનાં પુરાવાઓ મેળવીને,આગામી કમીટીમાં રજુ કરવા અંગેની આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૦૩ / તા.:૧૯–૦૪–૨૦૨૧
———————————————————————————————————————————————

**કામ નં.–૩.**

**વિષયઃ–** અબ્રામા, વાવફળીયા વિસ્તારમાં સરકારી જમીનમાં નવા છાપરા બનાવેલ છે. જે મ્યુનિસિપલ દફતરે આકારણી રજીસ્ટરે ચાલતા નથી. અરજદારોની અરજી તથા રજુ કરેલ પુરાવાના આધારે, સુપ્રીન્ટેન્ડન્ટ, ડાયરેકટ ટેક્ષીસના રીપોર્ટમાં જણાવેલ અ.નં.૧ થી ૨૬ નવા છાપરા મ્યુનિસિપલ આકારણી દફતરે દાખલ કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

**ઠરાવ.:**

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, અબ્રામા, વાવફળીયા વિસ્તારમાં સુપિ્રશ્રી,ડાયરેકટ ટેક્ષીસના રીપોર્ટમાં અ.નં.૧ થી ૨૬ જણાવેલ અરજદારોએ સરકારી જમીનમાં નવા છાપરા બનાવેલ છે. જે મ્યુનિસિપલ દફતરે આકારણી રજીસ્ટરે ચાલતા નથી. અરજદારોની અરજી તથા રજુ કરેલ પુરાવાના આધારે, સુપ્રિશ્રી, ડાયરેકટ ટેક્ષીસના રીપોર્ટમાં જણાવેલ અ.નં.૧ થી ૨૬ ના જણાવેલ અરજદારોના નામે નવા છાપરા મ્યુનિસિપલ આકારણી દફતરે દાખલ કરવા અંગેના કામે કમીટીમાં ચર્ચા કરતાં સદરહુ છાપરા નલ સે જલ યોજના અંતર્ગત તમામ ઘરોને નળ જોડાણ આપવાનાં થાય છે. સદરહુ જમીન સરકારી માલીકીની હોઈ, સ્થળ તપાસ કરાવી, કાચા મકાન કે જે રહેણાંક તરીકે ઉપયોગ કરતાં કેટલા હોય , સદરહુ છાપરા પૈકી, રહેણાંકવાળા છાપરા કેટલા અને કોર્મશીયલ કેટલાં છે. અને માલીકીના અને ખાનગી કયા છે.જે અંગે હાઉસટેક્ષ શાખાનો રીપોર્ટ, અહેવાલ વિગેરે સંપૂર્ણ રજુ કર્યેથી, આગળની નિયમોનુસાર નિર્ણય અર્થે આગામી કારોબારી સમિતિમાં રજુ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૦૪ / તા.: ૧૯–૦૪–૨૦૨૧
———————————————————————————————————————————————————

<u>કામ નં.–૪.</u>

<u>વિષયઃ–</u> આરોગ્ય ધ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત નગરપાલિકાના હદ વિસ્તારમાં આવેલ નગરપાલિકાના માલીકીના કુલ–૧૧ પે એન્ડ યુઝ શૌચાલય માટેના સ્ટ્રકચરલ ઓડીટ રીપોર્ટ ODF++ માં જોડવાના હોવાથી આ સ્ટ્રકચરલ ઓડીટ રીપોર્ટ ઠકકર અંકિત સ્ટ્રકચરલ કન્સલટન્ટ એન્ડ ચાર્ટડ એન્જીનીયર પાસે કરાવડાવેલ તેનું આવેલ બીલ રૂા. ૨૪૭૫૦/– નું ચુકવણું કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, આરોગ્ય ધ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત નગરપાલિકાના હદ વિસ્તારમાં આવેલ નગરપાલિકાના માલીકીના કુલ–૧૧ પે એન્ડ યુઝ શૌચાલય માટેના સ્ટ્રકચરલ ઓડીટ રીપોર્ટ ODF ++ માં જોડવાના હોવાથી આ સ્ટ્રકચરલ ઓડીટ રીપોર્ટ, ઠકકર અંકિત સ્ટ્રકચરલ કન્સલટન્ટ એન્ડ ચાર્ટડ એન્જીનીયર પાસે કરાવડાવેલ. જેનું કરાવેલ કામગીરીનું આવેલ બીલ NO.NDTC C-54 / 2020 /તા.:૧૨ / ૧૨/ ૨૦૨૦ રૂા. ૨૪૭૫૦/– અંકે રૂા.ચોવીસ હજાર, સાતસો પચાસ પુરાનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૦૫ / તા.:૧૯–૦૪–૨૦૨૧
————————————————————————————————————————————————

<u>કામ નં.–૫.</u>

<u>વિષયઃ–</u> **ના. સરકારશ્રી ધ્વારા ચલાવતાં સ્વચ્છ ભારત મિશન અર્બન કાર્યક્રમ અંતર્ગત MIS / IT Expert ના ઓર્ડરને લંબાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,ના.સરકારશ્રી ધ્વારા ચલાવતાં સ્વચ્છ ભારત મિશન અર્બન કાર્યક્રમ અંતર્ગત મે. મિશન ડાઈરેકટરશ્રી સ્વચ્છ ભારત મિશન અર્બન ગુજરાતની કચેરીના પત્ર ક્રમાંક **SDM /102018 /1714/ SBM CELL /** તારીખ **15-10-2018** થી સ્વચ્છ ભારત મિશન કાર્યક્રમની કામગીરી માટે આપણી નગરપાલિકા માટે **MIS / IT Expert** ની જગ્યા આ પ્રોગ્રામ અમલમાં રહે ત્યાં સુધી અથવા તો બીજી સૂચના ન મળે ત્યાં સુધીના સમય માટે માસિક રૂપિયા **15000/-** ના ફિકસ પગારમાં મંજૂર કરેલ હતી.

સરકારશ્રી ધ્વારા સ્વચ્છ ભારત મિશનનો કાર્યક્રમ ચાલુ હોય આ કાર્યક્રમની કામગીરી માટે નગરપાલિકાએ મે. મિશન ડાઈરેકટરશ્રી સ્વચ્છ ભારત મિશન અર્બન ગુજરાતની કચેરીના પત્ર ક્રમાંક **SDM /102018 /1714/ SBM CELL /** તારીખ **15-10-2018** માં જણાવેલ શરતોને આધીન કા.સ.ઠ.નં.૨૮૪ / તા.:૨–૧૨–૨૦૨૦ થી ઠરાવ્યા મુજબ સેનેટરી જાવક નંબર.:૪૯૨ / તા.:૧૧/૧૨/૨૦૨૦ થી શ્રી કલ્પેશ એમ.ભોયા, રહે.: ધરમપુર,વલસાડની તા.:૩૧/૧/૨૦૨૧ સુધી નિમણુંક કરવામાં આવેલ હતી. કોવિડ–૧૯ ને લઈનેસ્વચ્છ ભારત મિશન કાર્યક્રમ વધુ ૨(બે) માસ લંબાવેલ છે. તે જોતાં હાલના **MIS / IT Expert** કર્મચારીનો ઓર્ડર તા.:૧–૨–૨૦૨૧ થી લંબાવવો પડે તેમ હોય, તેમજ આ કાર્યક્રમ કયાં સુધી અમલમાં રહેશે તેની કોઈ માહિતી ન હોય આ ઉપરાંત આ નિમણુંક પામેલ કર્મચારીનો પગાર પણ સ્વચ્છભારત મિશન ગાંધીનગરની કચેરી તરફથી આપવામાં આવતો હોય અને સ્વચ્છ ભારત મિશનની કામગીરી કરવામાં કોઈ મુશ્કેલી ન પડે. જે વિદિત થતાં સદરહું કર્મચારીનો ઓર્ડર તા.:૧–૨–૨૦૨૧ થી સ્વચ્છ ભારત મિશન ગાંધીનગરની કચેરી તરફથી બીજો કોઈ હુકમ ન થાય ત્યાં સુધી લંબાવવા માટેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૦૬ / તા.: ૧૯–૦૪–૨૦૨૧

——————————————————————————————————————

કામ નં.–૬.

વિષયઃ– નગરપાલિકામાં લીગલ એડવાઈઝર રાખવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,નગરપાલિકાના નામ.સુપ્રીમકોર્ટ, નામ.હાઈકોર્ટ, નામ.લેબરકોર્ટ, નામ.જિલ્લા કોર્ટ વિગેરેમાં જુદી જુદી મેટરોના કોર્ટ કેશ થતાં હોય છે. સદર કોર્ટ કેશોમાં નગરપાલિકા બચાવ પક્ષે સરકારશ્રીના પ્રવર્તમાન નીતિ નિયમો સાથે સુસંગત રીતે અમલીકરણ કરવાનું થાય છે. ચર્ચા વિચારણા કરતાં નગરપાલિકામાં લીગલ એડવાઈઝર રાખવા અંગે નીચે જણાવેલ કામગીરીઓ કરાવવા માટેના ભાવો મંગાવવા, દૈનિક પેપરમાં જાહેરાત આપી, લીગલ એડવોકેટશ્રીની નિમણુંક કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

લીગલ એડવાઈઝર –પેનલનાં વકીલશ્રીઓ પાસે કરાવવામાં આવતી કામગીરીની વિગતો જેવી કે...

– લીગલ નોટીસની ફીની રકમ રૂા.

– લીગલ માર્ગદર્શનની ફીની રકમ રૂા.

– સ્થાનિક અદાલતોમાં ચાલતા કેસોમાં નગરપાલિકાનો બચાવ– નગરપાલિકા તરફે કેસ લડવાનાં કામે સંપૂર્ણ ફીની રકમ રૂા.

નામ. હાઈકોર્ટનાં પેનલનાં વકીલશ્રીઓ પાસે કરાવવામાં આવતી કામગીરીની વિગતો જેવી કે..

– લીગલ નોટીસની ફીની રકમ રૂા.

– લીગલ માર્ગદર્શનની ફીની રકમ રૂા.

– નામ.હાઈકોર્ટમાં ચાલતા કેસોમાં નગરપાલિકા તરફે બચાવ વિગેરે કામગીરી કામે સંપૂર્ણ ફીની રકમ રૂા.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૦૭ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

**કામ નં.–૭.**

**વિષય:–** **જુના બંબાખાના નામે ઓળખાતી ઈમારત કે જે ખૂબ જ જૂની તેમજ જર્જરીત હોય સદરહુ ઈમારત બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..**

**ઠરાવ.:**

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જર્જરીત ઈમારતો ગુજરાત મ્યુનિસિપલ એકટ–૧૯૬૩ ની કલમ–૧૮૨(૧)(૨) ની જોગવાઈઓ અનુસાર જૂના / બિસ્માર / જર્જરીત અથવા અન્ય કોઈ કારણસર ક્ષતિગ્રસ્ત થયેલ મિલકતો બેસી જવા તુટી પાડવાના અકસ્માતો ન બને તે માટે નગરપાલિકા ધ્વારા તા.:૧૫/૦૫/૨૦૨૦ ના રોજ દૈનિક પેપર " ગુજરાત સમાચાર "માં જરૂરી જાહેર નોટીસ આપીને સદરહુ મિલકતોના માલિકો, કબજેદારો, ભોગવટો ધરાવતા વ્યકિતઓને સદરહુ નોટિસ પ્રસિધ્ધ કરેલ છે.

વલસાડ નગરપાલિકા હદમાં નગરપાલિકા હસ્તકનું જૂનું બંબાખાના શોપિંગ સેન્ટર આવેલ છે. સદરહું જૂનું બંબાખાના શોપિંગ સેન્ટર આવેલ છે. સદરહું જૂનું બંબાખાના શોપિંગ સેન્ટરના ઓફિસ અને દુકાનધારકોની તા.:૦૩–૧૨–૨૦૨૦ ની લેખિત રજૂઆતમાં જણાવ્યા અનુસાર સદરહુ ઈમારતમાં ભોયતળીયે આવેલા ૨ કોલમ ખૂબ જ જર્જરીત થઈ ગયેલ હોવાનું જણાવેલ છે તેમજ ટેરેસ ઉપરથી પાણી ટપકતું હોય વોટર પ્રુફિંગ કરાવવાની જરૂરીયાત હોવાનું જણાવેલ અને સદરહું શોપિંગ સેન્ટરનું સમારકામ કરાવવા અંગેની રજૂઆત કરવામાં આવેલ છે.

ઉપરોકત બાબતે નગરપાલિકા ધ્વારા સદરહુ ઈમારતની સ્ટ્રકચર સ્ટેબીલીટીની ચકાસણી કરવા માટે વલસાડના સ્થાનિક રજિસ્ટર્ડ સ્ટ્રકચરલ કન્સ્લટન્ટશ્રી અંકિત ઠકકર પાસેથી તા.: ૧૫–૧૨–૨૦૨૦ ના રીપોર્ટ મેળવેલ છે સદરહું રીપોર્ટમાં જણાવ્યા અનુસાર " **From the observations and from the results of the Non-Destructive Test ( Rebound Hammer and Ultrasonic Concrete test ) it would strictly advisable that the existing above said building needs to be retrofitted and jacketed urgently with consulting structural consultant or else to be demolished and to do the new construction with new foundations, columns, and other RCC elements pertaining to present IS codes method."** ઉકત રીપોર્ટ મુજબ સદરહુ ઈમારતને રેટ્રોફીટીંગ અને જેકેટિંગ કરાવવા અથવા સદરહુ દાદરને તોડી જમીનદોસ્ત કરવા માટેની તેમજ રીપેરીંગ કામ જોતાં, હાલમાં બે **R.C.C.** કોલમ ડેમેજ થયેલ છે જેને રિપેરીંગ કરવાની ખાસ જરૂર છે જેનો ખર્ચ ( ૨×૨૦,૦૦૦/–) = ૪૦,૦૦૦/– અંદાજે ચાલીસ હજાર જેટલો થવા પાત્ર છે. જે મંજુર કરવા માટે સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં. ૦૮/ તા.:૧૯ –૦૪–૨૦૨૧

———————————————————————————————————

<u>**કામ નં.–૮.**</u>

**<u>વિષય:–</u> મોરારજી દેસાઈ શાકભાજી માર્કેટના નામે ઓળખાતી ઈમારત (૧૨૦ આવાસ ) કે જે ખૂબજ જૂનું તેમજ જર્જરીત હોય સદરહુ ઈમારત બાબતેજરૂરી નિર્ણય થવા બાબત..**

<u>**ઠરાવ.:**</u>

**આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જર્જરિત ઈમારતો ગુજરાત મ્યુનિસિપલ એકટ–૧૯૬૩ ની કલમ–૧૮૨(૧)(૨) ની જોગવાઈઓ અનુસાર જૂના / બિસ્માર / જર્જરિત અથવા અન્ય કોઈ કારણસર ક્ષતિગ્રસ્ત થયેલ મિલકતો બેસી જવા તુટી પાડવાના અકસ્માતો ન બને તે માટે નગરપાલિકા ધ્વારા તા.: ૧૫ / ૦૫/ ૨૦૨૦ ના રોજ દૈનિક પેપર" ગુજરાત સમાચાર " માં જરૂરી જાહેર નોટીસ આપીને સદરહુ મિલકતોના માલિકો, કબજેદારો, ભોગવટો ધરાવતા વ્યકિતઓને સદરહુ નોટિસ પ્રસિધ્ધ કરેલ છે.**

**ઉપરોકત બાબતે વલસાડ નગરપાલિકા હદમાં મોરારજી દેસાઈના શાકભાજી માર્કેટના નામે ઓળખાતી ઈમારત (૧૨૦ આવાસ ) આવેલ છે. સદરહુ ઈમારત ગ્રાઉન્ડ ફલોર + બે માળની આવેલી છે. સદરહુ ઈમારતમાં ગ્રાઉન્ડ ફલોર ઉપર આવેલ શોપિંગ સેન્ટરમાં ( બહારના ભાગે ) ૬૦ જેટલી દુકાનો તેમજ અંદરના ભાગે શાકભાજી માર્કેટમાં ૫૨ જેટલી દુકાનો આવેલ છે અને પ્રથમ માળે કુલ–૬૦ જેટલા રહેઠાણો અને દાદરના સામેના ભાગે ૦૪ જેટલા ખૂણા આવેલા છે અને તેમજ બીજા માળે કુલ–૬૦ જેટલા રહેઠાણો અને દાદરના સામેના ભાગે ૦૪ જેટલા ખૂણા આવેલા છે.**

**સદરહું ઈમારત જૂની / બિસ્માર / જર્જરીત હોય સદરહુ આવાસના રહીશો / માલિકો / કબજેદારશ્રીઓને નગરપાલિકા ધ્વારા અવાર નવાર જર્જરિત મિલકતનો ભાગ ઉતારી દેવા / રીપેરીંગ કરવા / ઈમારતને ભયમુકત કરવા અંગે જરૂરી નોટીસો આપવામાં આવેલ છે. નગરપાલિકા ધ્વારા સદરહુ ઈમારતની સ્ટ્રકચર સ્ટેબીલીટીની ચકાસણી કરવા માટે વલસાડના સ્થાનિક રજિસ્ટર્ડ સ્ટ્રકચરલ કન્સ્લટન્ટશ્રી અંકિત ઠકકર પાસેથી તા.:૧૬–૦૬–૨૦૨૦ ના રીપોર્ટ મેળવેલ છે સદરહુ રીપોર્ટમાં જણાવ્યા અનુસાર " From the results of the Non-Destructive Test ( Rebound Hammer and Ultrasonic Concrete test ) it would strictly advisable that the existing above said building is to be demolished and to do the new construction with new foundations, columns, and other RCC elements pertaining to present is codes method. At any time during monsoon there may be fall of parts of RCC elements " ઉકત રીપોર્ટ મુજબ સદરહુ ઈમારત રહેવા યોગ્ય જણાતી નથી અને સદરહુ ઈમારત જાહેરહિતમાં જમીનદોસ્ત કરવાની જરૂરી જણાય છે. તેમ સ્પષ્ટ જણાવેલ છે.**

**વિશેષમાં તા. ૧૧–૧૨–૨૦૨૦ ના રોજ સાંજના સમયે કમોસમી વરસાદ પડવાથી સદરહુ ઈમારતની વખારિયા હોલની સામેના ભાગે આવેલ પ્રથમ માળની પેરાપેટ વોલ આકસ્મિક રીતે તુટી પડેલ હતી. જેને વલસાડ નગરપાલિકા ધ્વારા તા.:૧૨–૧૨–૨૦૨૦ ના રોજ સદરહુ પેરાપેટ વોલ તોડી તેની જગ્યાએ એલ્યુમિનિયમ સેકશનની ચેનલ ફીટીંગ કરવામાં આવેલ છે.**

વિશેષમાં નગરપાલિકાની ટીમ ધ્વારા તા.:૧૨–૧૨–૨૦૨૦ ના રોજ સર્વે કરતાં સદરહુ ઈમારતના રહીશોની વિગત નીચે મુજબ છે. તેમજ સદરહુ ઈમારતના પ્રથમ અને બીજા માળે ૧૯ જેટલાં રહેણાંક હેતુસરના મકાનોમાં ગોડાઉન, સીવણકામ વિગેરે વાણિજય હેતુસર વપરાશ કરતાં જણાય આવેલ છે.

| | ગ્રાઉન્ડ ફલોર | પ્રથમ માળ | બીજો માળ |
|---|---|---|---|
| દુકાનો ( બહારના ભાગે ) | ૬૦ | – | – |
| દુકાનો ( અંદરના ભાગે ) | ૫૨ | – | – |
| બંધ ઘરની સંખ્યા | – | ૨૬ | ૨૫ |
| ભાડુઆતના ઘરની સંખ્યા | – | ૧૧ | ૧૦ |
| વેચાણથી આપેલ | – | ૧૫ | ૨૨ |
| મૂળ માલિકો | – | ૦૮ | ૦૩ |
| | કુલ | ૬૦ | ૬૦ |

વધુમાં, નીચે જણાવેલ મુદ્દાઓને ધ્યાનમાં રાખી જરૂરી આગળની કાર્યવાહી કરવી.

૧) સ્ટ્રકચરલ ઈજનેરશ્રીનાં રીપોર્ટ જોતાં સદરહું બિલ્ડીંગ જર્જરીત અને જોખમી હોય અને રીપેરીંગપાત્ર ન હોવાથી તાત્કાલિક સદરહું બિલ્ડીંગને ઉતારી લેવા તાત્કાલિક ફાયર શાખા અને પ.વ.ડી. શાખાએ કાર્યવાહી હાથ ધરવી.

૨) નવું બિલ્ડીંગ બનાવવા માટે કન્સ્લ્ટન્ટ શ્રી કમલેશ જૈન ,ઈડન કન્સ્લ્ટન્ટ સુરતની નિમણુંક કરી આયોજન કરવું.

૩) સદરહું બિલ્ડીંગમાં ન.પા. ધ્વારા ફાળવણી કરવામાં આવેલ આવાસો અને દુકાનોમાં ભાડુઆતોને નવા બિલ્ડીંગમાં તેટલીજ જગ્યા ફાળવવા બાબતે મ્યુનિસિપલ ઈજનેર, ચીફ ઈજનેરની ટીમ દ્વારા સ્થળ પર સર્વે કરી જે તે સમયે ફાળવવામાં આવેલ આવાસો, દુકાનોની શરતો / કરાર તેમજ હાલ સ્થળ પર કબજાની વિગતો તેમજ કબજાની કાયદેસરતા વિગેરે બાબતોની ડીમોલીશન પહેલાં સઘન ચકાસણી કરી લેવાની રહેશે તેમજ નવા બિલ્ડીંગમાં ફાળવણી કરવા બાબતે વિગતવાર રીપોર્ટ કારોબારી સમિતિમાં નિર્ણય અર્થે રજુ કરવાનો રહેશે.

૪) સદરહું બિલ્ડીંગમાં હાલના કાયદેસરનાં કબજેદારો, ભાડુઆતો પાસે બાંધકામ એરીયાની, બાંધકામની કિંમત વસુલ કરીને તેટલાજ એરીયાનું આવાસ / દુકાન ફાળવવામાં આવશે.

ઉપરોકત બાબતે નિતિ વિષયક નિર્ણય કરવા માટે સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૦૯ / તા.: ૧૯–૦૪–૨૦૨૧

———————————————————————————————————————————————

<u>કામ નં.–૯.</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા રામવાડી વિસ્તારના ડેવલપમેન્ટ પ્લાન રોડ રેસાલાઈનની કપાત બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા ધ્વારા ટી.પી.અને ડી.પી.ના રસ્તા ખુલ્લા કરવા કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે અન્વયે નગરપાલિકાએ તા.:૦૩/૧૦/૨૦૨૦ ના રોજ ટી.પી.નો એફ.પી.નં.–૧૨૭ વાળો પાર્કિંગ પ્લોટ ખુલ્લો કરવામાં આવેલ છે. મે. કલેકટર સાહેબશ્રી, વલસાડની અધ્યક્ષ સ્થાને મળેલ દબાણ અંગેની મીટીંગ તા.: ૦૪/૦૩/૨૦૨૧ માં નકકી થયા મુજબ રામવાડી વિસ્તારમાં ૪૦'–૦" પહોળાઈનો ડી.પી.રોડ ખુલ્લો કરવા સુચના મળેલ છે. વલસાડ નગરપાલિકા ધ્વારા વોર્ડ નં.–૬ ના સભ્યશ્રીઓ સાથે તા.:૨૪–૦૩–૨૦૨૧ ના રોજ સદરહુ રામવાડી વિસ્તારમાં દબાણકર્તાઓના પ્રતિનિધિ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ છે. મે.એસ.પી.સાહેબશ્રી તરફથી સ્થળ વિઝીટ કરવામાં આવેલ છે. સદરહું ૪૦'–૦" પહોળાઈનો ડી.પી. રસ્તો ખુલ્લો કરવાથી શહેરના ટ્રાફિકને ઘણો ફાયદો થાય એમ છે. જેથી સદરહું ૪૦'–૦" પહોળાઈનો ડી.પી.રોડ ખોલવા માટે નગરપાલિકા તરફથી તા.:૨૯/૦૧/૨૦૨૧ ના રોજ દબાણકર્તાઓને નોટીસ આપવામાં આવેલ છે. વલસાડ નગરપાલિકાએ તા.:૧૮/૦૪/૧૯૯૨ ના રોજ સદરહુ ડી.પી.રસ્તા માટે કા.સ.ઠ.નં.–૭૪૯ / તા.૨૬/૦૯/૧૯૯૦ તથા જ.બો.ઠ.નં.–૨૮૬ / તા.:૩૧–૦૧–૧૯૯૧ મુજબ,મુળમાલિકશ્રી રમેશચંદ્ર પરાગજી દેસાઈને રૂા. ૬૨,૭૦૦/– કુલ ૪૧૮.૦૦ ચો.મી. રૂા.૧૫૦/–પ્રતિ ચો.મી.ચુકવવામાં આવેલ છે.તા.: ૨૪–૦૩–૨૦૨૧ ની દબાણકર્તાઓની અત્રેની કચેરીમાં સદરહું વોર્ડ નં.–૬ ના ચૂંટાયેલા પ્રતિનિધિ સાથેની મીટીંગ મુજબ, સદરહુ ઉપરોકત આવેલ કામે, ચર્ચા કરતાં, ડી.પી.રોડ એલાઈમેન્ટમાં આવતી જમીનની રેવન્યુ રેકર્ડ પર ચાલી આવતી માલિકીની વિગતો મેળવીને રોડ એલાઈમેન્ટમાં આવેલ કાચા / પાકા ઝુંપડાઓનું સર્વે કરી દરેક ઝુંપડાનાં ભોગવટેદાર તથા ઝુંપડાનું ક્ષેત્રફળ વિગેરે માહિતી સહ રજુ કરવા આગામી કમીટીમાં રજુ કરવા ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૧૦ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

**કામ નં.–૧૦.**

**વિષયઃ–** વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આખરી નગર રચના યોજના નં.–૧(મલાવ ટેન્ક વિસ્તાર) માં આવેલ દશેરા ટેકરી વિસ્તારમાં આવેલ પે એન્ડ યુઝ ટોયલેટ થી મોંઘાભાઈ હોલ સુધીના રસ્તાની બંને તરફ આવેલ લાગુ તમામ અંતિમ ખંડો તેમજ રોડનું ડીમાર્કેશન , હદ નિશાન કરવાની કામગીરી હાથ ધરવાની હોય,સદરહું કામગીરી કરવા માટે એજન્સી શ્રી એકયુ–ટેપ એન્જીનીયર્સ, બાઈ આવાંબાઈ કોમ્પલેક્ષ, વલસાડ પાસેથી ભાવપત્રકમાં જણાવ્યા મુજબ સદરહુ કામગીરીનો અંદાજિત ખર્ચ રૂા.૨૫,૦૦૦/–(ટેક્ષ અલગથી ) થવા જાય છે. જે મંજુર કરવા બાબત.

**ઠરાવ.:**

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આખરી નગર રચના યોજના નં.–૧(મલાવ ટેન્ક વિસ્તાર) માં આવેલ દશેરા ટેકરી વિસ્તારમાં આવેલ પે એન્ડ યુઝ ટોયલેટ થી મોંઘાભાઈ હોલ સુધીના રસ્તાની બંને તરફ આવેલ લાગુ તમામ અંતિમ ખંડો તેમજ રોડનું ડીમાર્કેશન, હદ નિશાન કરવાની કામગીરી હાથ ધરવાની હોય, સદરહું કામગીરી કરવા માટે એજન્સી શ્રી એકયુ–ટેપ એન્જીનીયર્સ, ઓફિસ નં.–૦૫, પહેલામાળે, બાઈ આવાંબાઈ કોમ્પલેક્ષ, વલસાડ પાસેથી તા.: ૧૧–૧૨–૨૦૨૦ થી ભાવપત્રક અત્રેની કચેરીએ આવેલ છે. સદરહુ ભાવપત્રકમાં જણાવ્યા મુજબ સદરહુ કામગીરીનો અંદાજિત ખર્ચ રૂા.૨૫,૦૦૦/–(ટેક્ષ અલગથી ) થવા જાય છે. જે ઉપરોકત જણાવેલ કામગીરી કરવા માટે સદરહુ ખર્ચ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૧ / તા.:૧૯–૦૪–૨૦૨૧

————————————————————————————————————

કામ નં.–૧૧.

વિષય:– વલસાડ નગરપાલિકાની માલીકીની જુદા જુદા વિસ્તારોમાં આવેલ જુદી જુદી માર્કેટો, શોપીંગ સેન્ટરોની દુકાનોમાં નામ ટ્રાન્સફર, વારસાઈરૂએ નામફેર કરવાની આવેલ અરજીઓ અંગે જરૂરી નિર્ણય થવા અંગેનું મુલતવી રહેલ કામ..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાની માલીકીની જુદા જુદા વિસ્તારોમાં આવેલ જુદી જુદી માર્કેટો, શોપીંગ સેન્ટરોની દુકાનોમાં નામ ટ્રાન્સફર, વારસાઈરૂએ નામફેર કરવાની જુદી જુદી નીચે જણાવેલ આવેલ અરજીઓ, અ.નં.૧ થી ૪૫, લાયસન્સ ફી વસુલાત શાખા તેમજ ચીફ ઓફીસરશ્રીના રીપોર્ટમાં જણાવ્યા મુજબ તથા જણાવેલ શરતોને આધીન રહી નામ ટ્રાન્સફર કરવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | માર્કેટ / શોપીંગ સેન્ટરનું નામ. | દુકાન નંબર | નામ. | |
|---|---|---|---|---|
| ૧ | એલ.બી.માર્કેટ | ૧ | અનિતાબેન નિલેશ મોદી | |
| ૨ | એલ.બી.માર્કેટ | ૩ | પ્રમાણિક સુતપા શ્રીકાંત | |
| ૩ | એલ.બી.માર્કેટ | ૭ | ગણેશભાઈ શંભુભાઈ ડાંગુર | |
| ૪ | એલ.બી.માર્કેટ | ૧૩ | ક્રિષ્ણાબેન લક્ષ્મણ પ્રમાણિક | |
| ૫ | એલ.બી.માર્કેટ | પ્ર.૧.અ | વિરલ એ. અગ્રવાલ | |
| ૬ | સરદાર માર્કેટ | ૪ | હરીશ દેવીદાસ મંગવાણી | |
| ૭ | શતાબ્દી માર્કેટ | પ્ર.માળ–૫<br>ભોંયતળીયે–૫ | મોહમદશકીલ મોહમદહફીજ મિરઝા | |
| ૮ | શતાબ્દી માર્કેટ | ૨૬ થી ૨૯ | દિલીપકુમાર વસંતલાલ અગ્રવાલ | |
| ૯ | શતાબ્દી માર્કેટ | ૩૦ | દિલીપકુમાર વસંતલાલ અગ્રવાલ | |
| ૧૦ | શતાબ્દી માર્કેટ | ૩૩ | ભાવેશકુમાર જગદીશચંદ્ર તમાકુવાલા | |
| ૧૧ | જુની વેજીટેબલ માર્કેટ | ૧૩ | હિતેશ વેલજી છેડા | |
| ૧૨ | મોરારજી દેસાઈ માર્કેટ | ૨૭ | હરીભાઈ નટવરલાલ ઉર્ફે હરીભાઈ મોદી | |
| ૧૩ | મોરારજી દેસાઈ માર્કેટ | ૨૮ | નીતાબેન રમણલાલ દેસાઈ | |
| ૧૪ | મોરારજી દેસાઈ માર્કેટ | ૩૯ | નારાયણદાસ રીજુમલ ગગનાની | |
| ૧૫ | ડી.એન.શોપિંગ સેન્ટર | ૨૭ | અહેસાન કુરબાન શેખ વિ. | |
| ૧૬ | ડી.એન.શોપિંગ સેન્ટર | ૨૯ | સુશીલ કિશોરકુમાર ઝવેરી વિગેરે | |
| ૧૭ | ડી.એન.શોપિંગ સેન્ટર | ૩૨ | નિલ દિનેશચંદ્ર છોવાલા | |
| ૧૮ | ડી.એન.શોપિંગ સેન્ટર | ૩૩ | દિપ્તી પરેશ પટેલ | |
| ૧૯ | ડી.એન.શોપિંગ સેન્ટર | ૫૬ | નિલ દિનેશચંદ્ર છોવાલા | |
| ૨૦ | ડી.એન.શોપિંગ સેન્ટર | ૬૩ | તરલકુમાર હસમુખભાઈ પટેલ | |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧ | ડી.એન.શોપિંગ સેન્ટર | ૬૫ | નિલ દિનેશચંદ્ર છોવાલા | |
| ૨૨ | ડી.એન.શોપિંગ સેન્ટર | ૭૮ | મીનાક્ષીબેન રસીકલાલ લોદરીયા | |
| ૨૩ | ડી.એન.શોપિંગ સેન્ટર | પ્ર.૨૧ | નિલ દિનેશચંદ્ર છોવાલા | |
| ૨૪ | ડી.એન.શોપિંગ સેન્ટર | પ્ર.૨૯ | પંકજ નારણદાસ માવાણી, જીત પંકજભાઈ માવાણી | |
| ૨૫ | ડી.એન.શોપિંગ સેન્ટર | પ્ર.૩૦ | ઝીદાન ઈકબાલ સીદ્દીકી | |
| ૨૬ | ડી.એન.શોપિંગ સેન્ટર | બીજો/૧૧/૧૪ | જયેશ કાંતિલાલ પાંચાલ | |
| ૨૭ | ડી.એન.શોપિંગ સેન્ટર | બીજો/૧૨/૧૩ | પ્રમોદભાઈ ઠાકોરભાઈ ભંડારી | |
| ૨૮ | મોરારજી દેસાઈ શોપિંગ સેન્ટર | ૨,૩ | ઉરજીત અશોકભાઈ અગ્રવાલ | |
| ૨૯ | મોરારજી દેસાઈ શોપિંગ સેન્ટર | ૧૧,૧૨ | વિરલ અશોકભાઈ અગ્રવાલ | |
| ૩૦ | મોરારજી દેસાઈ શોપિંગ સેન્ટર | ૩૯ | નિલેષકુમાર રમણભાઈ દેસાઈ | |
| ૩૧ | મોરારજી દેસાઈ શોપિંગ સેન્ટર | ૫૭ | મોહમ્મદ ઝુબેર કાસમમીયાં નવસારીવાલા વિગેરે | |
| ૩૨ | આંબેડકર શોપીંગ સેન્ટર | એ–૧૩ | કંટારીયા દેવજીભાઈ ખીયસીભાઈ | |
| ૩૩ | આંબેડકર શોપીંગ સેન્ટર | એ–૧૯ | ભાવેશ લાલજીભાઈ ભાનુશાલી વિ. | |
| ૩૪ | આંબેડકર શોપીંગ સેન્ટર | બી–૪ | સરીતા સુરેશભાઈ ક્રિષ્નાણી વિગેરે | |
| ૩૫ | આંબેડકર શોપીંગ સેન્ટર | બી–૭ | નીલેશ રતીલાલ કરણીયા | |
| ૩૬ | આંબેડકર શોપીંગ સેન્ટર | બી–૧૧ | વસંતલાલ બચુભાઈ ભાનુશાલી | |
| ૩૭ | આંબેડકર શોપીંગ સેન્ટર | ઈ–૪ | સ્નેહલ વિનોદભાઈ રતનધારા | |
| ૩૮ | એન.એસ.બી.શોપીંગ સેન્ટર | જી–૨૩(૧) | વિશાલ ડી. ખેમાની,કેવીન ડી. ખેમાની | |
| ૩૯ | એન.એસ.બી.શોપીંગ સેન્ટર | એ–૩ | રાભીયાબાનુ ઉસ્માનભાઈ મેમણ | |
| ૪૦ | એન.એસ.બી.શોપીંગ સેન્ટર | ૨૭ | કિરીટ પ્રભુભાઈ સોલેરા | |
| ૪૧ | એન.એસ.બી.શોપીંગ સેન્ટર | પ્ર–૨૫ | રાભીયાબાનુ ઉસ્માનભાઈ મેમણ | |
| ૪૨ | રંગ ઉપવન શોપીંગ સેન્ટર | ૧ | ગુલામખાજા અબ્દુલકરીમ શેખ | |
| ૪૩ | ડિસ્પેન્સરી શોપીંગ સેન્ટર ભાગ–૨ | ૩ | પરવેઝ અબ્દુલરસીદ ચીખલીયા | |
| ૪૪ | ડિસ્પેન્સરી શોપીંગ સેન્ટર ભાગ–૨ | ૬ | હુસેન અઝીઝુલહક પોપટ | |
| ૪૫ | જવાહરલાલ નહેરૂ શોપીંગ સેન્ટર | પ્રથમમાળ, ૧ થી ૧૨ | મધુ દિપક અગ્રવાલ,અમીત મહેન્દ્ર અગ્રવાલ | |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૨ / તા.:૧૯–૦૪–૨૦૨૧

———————————————————————————————————————

<u>કામ નં.–૧૨.</u>

<u>વિષયઃ–</u>સે.ક.ઠ.નં.૧૫૬/તા.:૧૯/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ, પ્રિમોન્સુન કામગીરી અંતર્ગત ગટર સફાઈ કરાવવા બાબત.

<u>ઠરાવ.:–</u>

સે.ક.ઠ.નં.૧૫૬/તા.:૧૯/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ, નગરપાલિકાના આરોગ્ય શાખા ધ્વારા દર વર્ષે ચોમાસા પહેલા વરસાદી પાણીના નિકાલની ગટરો, કાંસો વિગેરેની સાફ સફાઈ કરાવે છે તેમજ જરૂરીયાત મુજબ વરસાદી પાણીના નિકાલની કાચી ગટરો ખોદાવવાની કામગીરી કરતી આવેલ છે. ચોમાસા પહેલા આ ગટરો વિગેરેની સાફ સફાઈ તથા કાચી ગટરો વિગેરે ખોદાવવાની કામગીરી એટલા માટે કરાવવામાં આવે છે કે ચોમાસા દરમ્યાન વરસાદી પાણીનો યોગ્ય રીતે નિકાલ થઈ જાય અને નાગરીકોને કોઈ મુશ્કેલી ન પડે. આ કામગીરી માટે વલસાડ, અબ્રામા, મોગરાવાડી ઝોન માટે કુલ ૬૦(સાંઠ) કામદારો તથા જે.સી.બી. વિગેરે સાધનો / વાહનો ભાડે રાખી કરાવતી આવેલ છે.

ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રી તરફથી તા.:૦૫ / ૦૪ / ૨૦૨૧ ના રોજ એક રીપોર્ટ કરવામાં આવેલ હતો તેમાં જણાવેલ હતુ કે વાપીની બધી જ એજન્સીઓએ સફાઈ કામદાર સ્ટાફ પુરો પાડવાની ના પાડેલ છે તેવા સંજોગોમાં પ્રિ–મોન્સુન કામગીરીને પૂર્ણ કરવામાં મુશ્કેલી ઉભી થવા પામેલ હતી.ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રી ધ્વારા આ પ્રિ–મોન્સુન કામગીરી પૂર્ણ કરવા માટે લોકલ બે ત્રણ એજન્સીઓ પાસેથી સફાઈ કામદારો મેળવવા (૧) ઓમ સાઈરામ એજન્સી–નાના તાઈવાડ વલસાડ (૨) આર્યનંદ એન્વેરિક પ્રા.લી અતુલ વલસાડ તથા (૩) માર્વેલ સર્વિસ વલસાડ પાસેથી સફાઈ કામદારો મેળવવા માટે ચર્ચા કરવામાં આવેલ હતી તે પૈકી અનુ નં.–૩,વાળી એજન્સીએ હાલે કામદારો ફાળવી શકાય તેમ નથી એવું જણાવેલ જયારે અન્ય બે એજન્સીઓ પૈકી અનુ નં.–૧વાળી એજન્સી એ–૩૫(પાત્રીસ) કામદારો તથા અનુ નં.–૨,વાળી એજન્સીએ ૨૫ કામદારો ફાળવી આપવાની સંમતિ આપતા તેઓની સંમતિને આધારે પ્રિ–મોન્સુન કામગીરી તા.:૦૬ / ૦૪ / ૨૦૨૧ થી શરૂ કરવામાં આવેલ છે અને આ કામગીરી તા.: ૩૦ / ૦૬ /૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવાની હોઈ જેને બહાલ રાખવાનું તથા તેમને સે.ક.ઠ.નં.:૬૮ / તા.:૦૧ / ૧૦ /૨૦૧૯ થી મંજુર થયેલ એક મજુરના રૂા.૪૨૫/– ના દરે મજુરી ચુકવવાનું તથા જરૂરીયાત મુજબ જે.સી.બી. મશીન વિગેરે મંજુર થયેલ ભાવે ભાડેથી રાખવાનું મંજુર કરવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૩ / તા.:૧૯–૦૪–૨૦૨૧

––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––

<u>કામ નં.–૧૩.</u>

<u>વિષયઃ–</u>સે.ક.ઠ.નં.૧૫૭/તા.:૧૯/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ,આરોગ્ય શાખાની બે ઓફીસોનું રીનોવેશન કરવા બાબત.

<u>ઠરાવ.:–</u>

સે.ક.ઠ.નં.૧૫૭ / તા.:૧૯/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ,નગરપાલિકાના આરોગ્ય શાખાની બે ઓફીસો આવેલ છે. તે પૈકી એક ઓફીસમાં જન્મ–મરણ નોંધણી શાખા અને બીજી ઓફીસમાં કોમ્પ્યુટર રૂમની સાથે લગ્ન નોંધણી શાખા આવેલ છે. આ બંને ઓફીસો વર્ષો જુની હોઈ તેનું રીનોવેશન કામ કરાવવું ખુબજ જ જરૂરી બનેલ છે. રીનોવેશન કામગીરીમાં બે ઓફીસ ચેમ્બરો, જન્મ–મરણ અને લગ્ન નોંધણીની કામગીરીના રૂમો અલગથી અને વધુ સગવડવાળા બનાવવાની ખુબજ જરૂરી હોઈ જે કામગીરી પ.વ.ડી.શાખા પાસે પ્લાન, એસ્ટીમેઈટ તૈયાર કરાવડાવી જરૂરી આગળની કાર્યવાહી કરાવવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૪ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

**કામ નં.–૧૪.**

**વિષય:–સે.ક.ઠ.નં.૧૫૮/તા.:૧૯/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ,આરોગ્ય શાખામા જન્મ–મરણ, લગ્નનોંધણી વિગેરેને લગતી ફાઈલો સુવ્યવસ્થિત રાખવા માટે રેક બનાવવા બાબત.**

**ઠરાવ.:–**

સે.ક.ઠ.નં.૧૫૮/તા.:૧૯/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ,નગરપાલિકાના આરોગ્ય શાખા હસ્તક ચાલતા જન્મ –મરણ અને લગ્ન નોંધણી શાખાને લગણી ફાઈલોને સુવ્યવસ્થિત રાખવા માટે રેક ન હોય જેને લઈને સદરહું બધી ફાઈલો નીચે રાખવી પડે છે. આ મહત્વની દસ્તાવેજી ફાઈલો લાંબા સમય સુધી ખાતાએ રાખવી અને જાળવવી ફરજીયાત હોય જે બાબત ધ્યાને લઈ આ બધી ફાઈલો રેકમાં વર્ષવાર વ્યવસ્થિત ગોઠવવી અને જરૂર પડયે સરળતાથી શોધીને શકાય તે માટે રેક નંગ–૧૨ (બાર) એસ.એસ.મેટલમાં ૯૧૫ એમ.એમ.વાળી ૨૪૪૦ હાઈમેટલ શેલ્વીંગવાળી સરકારશ્રીના GEM પોર્ટલ ઉપરથી ખરીદવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૫ / તા.:૧૯–૦૪–૨૦૨૧

––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––

<u>કામ નં.–૧૫.</u>

<u>વિષયઃ–</u>સે.ક.ઠ.નં.૧૫૯/તા.:૧૯/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ,સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શહેરમાં નવી કચરાપેટી બનાવવા બાબત.

<u>ઠરાવ.:–</u>

આ કામે ટેન્ડર પ્રક્રિયા થઈ ગયેલ હોઈ, ટેન્ડરો આવેથી નિયમ મુજબની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૬ / તા.:૧૯–૦૪–૨૦૨૧

————————————————————————————————————————

**<u>કામ નં.–૧૬.</u>**

**<u>વિષય:–</u>સે.ક.ઠ.નં.૧૬૦/તા.:૧૯/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ,આરોગ્ય શાખાના પ્રોજેકટના DPR બનાવવા બાબત.**

**<u>ઠરાવ.:–</u>**

**સે.ક.ઠ.નં.૧૬૦/તા.:૧૯/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ,ઘન કચરા નિકાલની ડમ્પીંગ સાઈટ ઉપર વોલ બનાવવાનું, શેડ બનાવવાનું તથા એમ.આર.એફ સેન્ટર બનાવવાનુ કામ સ્વચ્છ ભારત મિશનની ગ્રાંટમાંથી કરવાનું નકકી કરેલ છે અને તેને લગતા DPR પણ બની ગયેલ હોઈ તેમજ આ કામોની ટેકનીકલ સેકશન પણ આવી ગયેલ હોઈ, આ કામોના અમલીકરણ માટે નિયમ મુજબની કાર્યવાહી કરવાનું, આ ઉપરાંત હાલની ડમ્પ સાઈટ ઉપર આવેલ કમ્પોસ્ટ પ્લાન્ટ શીફટ કરવાનું નકકી કરેલ છે તે પ્લાન્ટ સોલાર પાવરથી ચાલે તે મુજબનો કરવા માટે આવા કામના અનુભવી એજન્સી નીમી DPR તૈયાર કરાવવાનું તેમજ DPR તૈયાર થયેથી સમગ્ર સભામાં મંજુરી મેળવી ગ્રાંટ મેળવવા દરખાસ્ત કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં. ૧૭ / તા.:૧૯–૦૪–૨૦૨૧

———————————————————————————————————————————————————

<u>**કામ નં.–૧૭.**</u>

<u>**વિષયઃ–**</u>**સે.ક.ઠ.નં.૧૬૧/તા.:૧૯/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ,વલસાડ નગરપાલિકાની હદ વિસ્તારમાં લાગુ પંચાયત વિસ્તારમાંથી લેવાતા ઘન કચરાના નિકાલ બાબતે યોગ્ય નિર્ણય થવા બાબત..**

<u>**ઠરાવ.:–**</u>

**સે.ક.ઠ.નં.૧૬૧/તા.:૧૯/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ, આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, હદ બહાર સરકારશ્રીની મંજુરી વગર સેવા આપવાની થતી નથી. નગરપાલિકાના હદ બહાર વિસ્તાર હોય હાલે કશું કરવાનું રહેતું નથી.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૧૮ / તા.:૧૯–૦૪–૨૦૨૧

––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––

<u>કામ નં.–૧૮.</u>

**<u>વિષયઃ–</u>સે.ક.ઠ.નં.૧૬૨/તા.:૧૯/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ,આરોગ્ય શાખા અને લગ્ન નોંધણી વિભાગ માટે નવા કોમ્પ્યુટરો પુરા સેટ મંજુર થયેલ ભાવે ખરીદ કરવા જરૂરી નિર્ણય થવા બાબત.**

<u>ઠરાવ.:–</u>

સે.ક.ઠ.નં.૧૬૨/તા.:૧૯/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ,નગરપાલિકાના આરોગ્ય શાખા હસ્તક સ્વચ્છ ભારત મિશન વિભાગ, જન્મ–મરણ અને લગ્ન નોંધણી વિભાગ ચાલે છે. આ કામગીરી માટે ખાતા ધ્વારા કોમ્પ્યુટરોનો ઉપયોગ વધુ પ્રમાણમાં થાય છે. આ કોમ્પ્યુટરો ધણા જુના હોઈ, વારંવાર સર્વિસ કરાવવા પડતા હોઈ, વપરાશને કારણે કોઈને કોઈ પાર્ટસ બગડતાં રહેતો હોઈ જેને લઈને કામગીરીમાં મુશ્કેલી પડતી રહી છે. આ કામગીરીઓ સરળતાથી અને સમય મર્યાદામાં થઈ શકે તે માટે તેમજ નાગરીકોને સમયમર્યાદામાં તેમને મળવાપાત્ર સેવાઓ પૂરી પાડી શકાય તે માટે નવા કોમ્પ્યુટર નંગ–૨(બે) જે ખાતામાં ભાવો મંજુર થયેલ હોઈ તે ભાવે ખરીદવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૯ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

<u>કામ નં.–૧૯.</u>

<u>વિષય:–</u>સે.ક.ઠ.નં.૧૬૩/તા.:૧૯/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ,આરોગ્ય શાખામાં ફરજ બજાવતા કાયમી પટાવાળા શ્રી સલીમ મહમદ વલી જેઓ તા.:૩૧/૦૧/૨૦૨૧ ના રોજ સ્વૈચ્છિક નિવૃત્તી મંજુર કરવામાં આવેલ હોય જેઓના હકક રજાના પગારબીલ રૂા.૩,૦૬,૩૦૦/– નું ચુકવણું કરવા બાબતે..

<u>ઠરાવ.:–</u>

સે.ક.ઠ.નં.૧૬૩/તા.:૧૯/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખામાં કાયમી પટાવાળા શ્રી સલીમ મહંમદ વલી જેઓની નિમણુંક તા.: ૩૧/૦૭/૧૯૯૬ થી થયેલ હતી. તેઓ તેમના પરિવાર સહીત આઉટ ઓફ કન્ટ્રી બહારગામ સેટલ થતાં તેઓએ તા.:૩૧ / ૦૧ /૨૦૨૧ ના રોજની ફરજ બાદ સ્વૈચ્છીક નિવૃતિ જ.બો.ઠ.નં.૯૦૭ / તા.: ૨૮ / ૦૧ /૨૦૨૧ થી મંજુર કરવામાં આવેલ હોય જેઓના હકક રજાના પગારબીલ મેળવવા માટે તેઓએ તા.: ૨૫/૦૨/૨૦૨૧ ના રોજ અરજી કરેલ હતી જે મુજબ તેમના કુલ–૩૦૦ ( ત્રણસો) હકક રજાના પગારની નીકળતી કુલ રકમ રૂા.૩,૦૬,૩૦૦/–અંકે રૂા.ત્રણ લાખ, છ હજાર, ત્રણસો પુરાની માંગણી કરેલ હોય તેમની નીકળતી હકક રજાના પગારની રકમ તેમને નિયમ મુજબ મળવાપાત્ર હોય, જે ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કા.સ.ઠ.નં.૨૦ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

<u>કામ નં.–૨૦.</u>

<u>વિષયઃ–</u> સે.ક.ઠ.નં.૧૬૫/તા.:૧૯/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ, ડ્રાઈવર તરીકે બઢતી આપવા બાબત..

<u>ઠરાવ.:–</u>

સે.ક.ઠ.નં.૧૬૫/તા.:૧૯/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ,નગરપાલિકાના આરોગ્ય શાખાના મહેકમ પત્રકે કુલ–૮(આઠ) જગ્યા ટ્રેકટર ડ્રાઈવરોની મંજુર થયેલ છે. તે પૈકી ૭ (સાત ) જગ્યા ખાલી છે. ખાલી પડેલ ટ્રેકટર ડ્રાઈવરો આ સાત જગ્યા ઉપર હાલના કાયમી સફાઈ કામદારો પરંતુ  લાંબા સમયથી ટ્રેકટર ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા શ્રી  પૂરનભાઈ ચુનીલાલ ચૌહાણનાએ અરજી આપી તેઓને ટ્રેકટર ડ્રાઈવર તરીકે બઢતી આપવાની માંગણી કરેલ છે.

નગરપાલિકા આ અરજદારોને  સરકારશ્રીની મંજુરી વગર બઢતી આપી શકાય નહી. આ માટે સક્ષમ સત્તાધિકારી પાસે મંજુરી મેળવવાની થાય છે. જે બાબત ધ્યાને લઈ નગરપાલિકાના આરોગ્ય શાખાના મહેકમે ખાલી પડેલ–૭(સાત)ટ્રેકટર ડ્રાઈવરોની જગ્યા ઉપર હાલે ટ્રેકટર ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા કાયમી કામદારોને ટ્રેકટર ડ્રાઈવર તરીકે બઢતી આપવા અંગેના આવેલ કામે, સરકારશ્રીની મંજુરી  મેળવવા અંગેની  જરૂરી  કાર્યવાહી કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૨૧ / તા.:૧૯–૦૪–૨૦૨૧

———————————————————————————————————————————

<u>કામ નં.–૨૧.</u>

<u>વિષયઃ–</u> વો.વ.ક.ઠ.નં. ૦૩ / તા.:૦૬/૦૪/૨૦૨૧ની ભલામણ મુજબ, ૧૪ માં નાણાં પંચ હેઠળ કોન્ટ્રાકટર શ્રી જય બિલનાથ કન્સ્ટ્રકશન કુ. જુનાગઢ, ધ્વારા જુદા જુદા વિસ્તારમાં પીવાના પાણીની પાઈપ લાઈન નાખવાના કામ દરમ્યાન વધારેની કામગીરી થયેલ છે. જે અંગે રૂા.૨,૪૩,૦૪૮–૪૯નું ચુકવણું કરવા નિર્ણય થવા બાબત.

<u>ઠરાવ.:–</u>

વો.વ.ક.ઠ.નં. ૦૩ / તા.:૦૬/૦૪/૨૦૨૧ની ભલામણ મુજબ, ના.સરકારશ્રીની ૧૪ માં નાણાં પંચ હેઠળ વલસાડ નગરપાલિકા ધ્વારા રાજનનગર વિગેરે જુદા જુદા વિસ્તારોમાં પીવાના પાણીની પાઈપ લાઈન નાંખવા અંગેનું કામ ( માલ–સમાન સહિત ) કરવાનું નકકી કરવામાં આવેલ છે. સદરહુ કામગીરી ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી ઉપરોકત ટેન્ડર જય બીલનાથ કન્સ્ટ્રકશન કુ. જુનાગઢનું ટેન્ડર મંજુર કરતાં વ.જા.નં. ૨૦૧ / તા.: ૦૪/૦૧/૨૦૧૮ થી વર્ક ઓર્ડર ઈસ્યુ કરવામાં આવે છે. સદરહુ કામગીરી દરમ્યાન સાઈટ ઉપર જરૂરી એવી ટેન્ડરમાં ઉલ્લેખ ન થયેલ હોય કામગીરી કરવાની આવશ્યકતા જણાતાં ઉપરોકત કામગીરી પૂર્ણ કરવા સંબંધે સદર જણાવેલ કામગીરી કરવામાં આવે તો જ સદરહું પ્રોજેકટને આખરી ઓપ આપી શકાય તેમ હોય તેમજ સદરહુ કામગીરીની સમય મર્યાદાને ધ્યાને લઈ સદર કામગીરી ઈજનેરશ્રીના નિરીક્ષણ હેઠળ કરવામાં આવેલ જેથી સદર વધારાની એકસ્ટ્રા કામગીરીને બહાલી રાખી ન.પા. આ.નં. ૫૬૭૧ / તા.: ૦૯ / ૦૧ /૨૦૨૦ થી આવેલ રનીંગ બીલ નં.૨ અને ફાઈનલ રૂા.૩૫,૨૬,૬૦૨/– પૈકી બાકી રહેલ એકસ્ટ્રા કામગીરી અંગેના બીલની રકમ રૂા.૨,૪૩,૦૪૮–૪૯નું ચુકવણું કરવા અંગેના આવેલ કામે એકસ્ટ્રા આઈટમો અંગે કન્સલટન્ટનો અભિપ્રાય મેળવી કઈ કઈ જગ્યાએ લાઈન નાંખેલ છે. તેનો વિગતવાર રીપોર્ટ રજુ કરી, આવેલ બીલ ચુકવવા અંગે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| | **Extraa item No. 1** | | | | |
| **item No.** | **Excavation for pipe line trenches incl. all safety provisions using site rails and stacking excavated stufr u[ to a lead of 90mts.cleaning the site etc. complete for lifts andstrata as specified A upto 1.5 mt depth** | | | | |
| **1** | **In Hard Muttum (Rate – 151.80)** | **151.80** | **Cumt** | **51218.84** | **51218.84** |
| **2** | **In Soft Rock ( Rate : 184.00)** | **171.03** | **Cumt** | **72410.68** | **72410.68** |
| **3** | **In Hard Rock ( Rate : 419.75)** | **419.75** | **Cumt** | **119418.88** | **119418.88** |
| | **Amount Rs.** | | | **Total** | **243048.39** |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૨૨ / તા.:૧૯–૦૪–૨૦૨૧

———————————————————————————————————————————

<u>કામ નં.–૨૨.</u>

<u>વિષયઃ–</u> તા.:૦૭/૦૪/૨૦૨૧ની મળેલ જાહેર બાંધકામ કમીટીમાં ઠરાવ્યા મુજબ, ન્યુ હેમ મોટર્સ, વલસાડ પાસેથી જરૂરીયાત મુજબ ડીઝલની ખરીદી કરવામાં આવેલ, જેનું આવેલ બીલ રૂા.૨,૯૭,૦૪૬/– પુરા મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

બાંધકામ સમીતી ઠરાવ નં.–૦૧/ તા.:૦૭–૦૪–૨૦૨૧ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદમાં આવેલ જુદા જુદા વિસ્તારોની જુદી જુદી કામગીરીમાં જે.સી.બી.તેમજ નગરપાલિકાના સેનેટરી ડીપાર્ટમેન્ટના તમામ ટ્રેકટરો વિગેરનો ઉપયોગ કરેલ. જે તમામ વાહનોમાં ડીઝલ, ન્યુહેમ મોટર્સ, વલસાડ પાસેથી જરૂરીયાત મુજબ ડીઝલની ખરીદી કરવામાં આવેલ. અને સદરહું કરેલ કામગીરીમાં જરૂરીયાત મુજબ વાહનોમાં ડીઝલ પુરાવી જુદી જુદી કામગીરી કરવામાં આવેલ છે. જેથી સદરહુ ખરીદ કરેલ ડીઝલ અંગેનું આવેલ બીલ રૂા.૨,૯૭,૦૪૬/– અંકે રૂા.બે લાખ,સત્તાણું હજાર, છેતાલીસ પુરાનું અત્રેની કચેરીએ આવેલ છે. સદરહું આવેલ બીલ સરકારશ્રીના રેઈટ મુજબ પેટ્રોલ / ડીઝલની ખરીદી કરવામાં આવતી હોય, જેવી રીતે લાઈટબીલો / ટેલીફોન બીલો ચુકવીએ છીએ તેવી રીતે પેટ્રોલ / ડીઝલના ઉપરોકત આવેલ બીલ ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૨૩ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

<u>કામ નં.–૨૩.</u>

<u>વિષયઃ–</u>તા.:૦૭/૦૪/૨૦૨૧ની મળેલ જાહેર બાંધકામ કમીટીમાં ઠરાવ્યા મુજબ,વલસાડ નગરપાલિકાના જાહેર બાંધકામ શાખા હસ્તકના વાહનોમાં જરૂરીયાત મુજબ જાન્યુઆરી –૨૦૨૧ના માસમાં ડીઝલ ખરીદ કરવાની કામગીરી ન્યુ હેમ મોટર્સ, વલસાડ પાસેથી કરેલ, જેનું આવેલ બીલ રૂા.૧,૬૧,૪૦૭/– પુરા મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

બાંધકામ સમીતી ઠરાવ નં.–૦૩ / તા.:૦૭–૦૪–૨૦૨૧ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાના જાહેર બાંધકામ શાખા હસ્તકના વાહનો નગરપાલિકાના જુદા–જુદા કામોમાં અવાર–નવાર કામગીરી કરતાં આવેલ છે, અને સદરહુ કામગીરીમાં વાહનોમાં જરૂરીયાત મુજબ ડીઝલ / પેટ્રોલની ખરીદી કરી વાહનો ઘ્વારા કામગીરી હાથ ધરવામાં આવે છે. સદરહું ડીપાર્ટમેન્ટલી કામગીરીમાં માહે : જાન્યુઆરી–૨૦૨૧માં વલસાડના સ્થાનિક ન્યુહેમ મોટર્સ, વલસાડ પાસેથી જરૂરીયાત મુજબ ડીઝલની ખરીદી કરવામાં આવેલ. જે ખરીદ કરવામાં આવેલ ડીઝલ અન્વયેનું માહે : જાન્યુઆરી–૨૦૨૧ નું આવેલ બીલ રૂા. ૧,૬૧,૪૦૭/– અંકે રૂા.એક લાખ,એકસઠ હજાર, ચારસો સાત પુરાનું અત્રેની કચેરીએ આવેલ છે. સદરહું આવેલ બીલ સરકારશ્રીના રેઈટ મુજબ પેટ્રોલ / ડીઝલની ખરીદી કરવામાં આવતી હોય, જેવી રીતે લાઈટબીલો / ટેલીફોન બીલો ચુકવીએ છીએ તેવી રીતે પેટ્રોલ / ડીઝલના ઉપરોકત આવેલ બીલ ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૨૪ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

**કામ નં.–૨૪.**

**વિષયઃ–તા.:૦૭/૦૪/૨૦૨૧ની મળેલ જાહેર બાંધકામ કમીટીમાં ઠરાવ્યા મુજબ,વલસાડ નગરપાલિકા હસ્તક પે એન્ડ પાર્કમાં પાર્કિંગ અંગેની નાણાંની વસુલાત નવયુવતી સખી મંડળ, વલસાડ ધ્વારા કરવામાં આવે છે. જેનું માહે જાન્યુઆરી–૨૦૨૧ નું આવેલ બીલ રૂા. ૬૦૦૦/– પુરાનું મંજુર કરવા બાબત..**

**ઠરાવ.:–**

**બાંધકામ સમીતી ઠરાવ નં.–૦૫ / તા.:૦૭–૦૪–૨૦૨૧ ની ભલામણ મુજબ,વલસાડ નગરપાલિકા હસ્તક પે એન્ડ પાર્કમાં પાર્કિંગ અંગેની નાણાંની વસુલાત નવયુવતી સખી મંડળ, વલસાડ ધ્વારા કરવામાં આવે છે. સદરહુ કામગીરી અન્વયે નવયુવતી સખી મંડળ, વલસાડ ધ્વારા જાન્યુઆરી–૨૦૨૧ નું આવેલ બીલ રૂા. ૬૦૦૦/– પુરાનું અત્રેની કચેરીએ સાદર કરેલ છે. સદરહુ આવેલ બીલનું ચુકવણું કરવા માટે આગળની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૨૫ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

<u>કામ નં.–૨૫.</u>

<u>વિષય:–</u>તા.:૦૭/૦૪/૨૦૨૧ની મળેલ જાહેર બાંધકામ કમીટીમાં ઠરાવ્યા મુજબ,નામદાર સરકારશ્રીની યોજના હેઠળ પારડી સાંઢપોર ખાતે **20.20 MLD** ક્ષમતાનું સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના ઈ–લોકાર્પણ વિધિ કાર્યક્રમમાં જરૂરી તકતી બનાવવાની કામગીરી રસીક આર્ટ, વલસાડ પાસેથી કરાવેલ, જેનું આવેલ બીલ રૂા.૧૮,૩૭૯/– પુરાનું મંજુર કરવા બાબત.

<u>ઠરાવ.:–</u>

બાંધકામ  સમીતી ઠરાવ નં.–૦૭ / તા.:૦૭–૦૪–૨૦૨૧ ની ભલામણ મુજબ,નામદાર સરકારશ્રીની યોજના હેઠળ પારડી સાંઢપોર ખાતે **20.20 MLD** ક્ષમતાનું સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના ઈ–લોકાર્પણ વિધિ કાર્યક્રમમાં જરૂરી તકતી બનાવવામાં આવેલ, સદરહુ કામગીરી વલસાડના સ્થાનિક રસીક આર્ટ, વલસાડ પાસેથી કરાવવામાં આવેલ, જે કરાવેલ કામગરીનું  બીલ રૂા.૧૮,૩૭૯/– પુરાનું અત્રેની કચેરીએ આવેલ છે. સદરહું આવેલ બીલનું ચુકવણું કરવા માટે આગળની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૨૬ / તા.:૧૯–૦૪–૨૦૨૧

––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––

<u>કામ નં.–૨૬.</u>

<u>વિષયઃ–</u>તા.:૦૭/૦૪/૨૦૨૧ની મળેલ જાહેર બાંધકામ કમીટીમાં ઠરાવ્યા મુજબ,વલસાડ નગરપાલિકા સંચાલિત સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે લોંગ ટેનીસ કોર્ટમાં LED FLOOD LIGHT નંગ–૦૬ શ્રી સાંઈરાજ ટ્રેડર્સ, કિલ્લા પારડી, વલસાડ પાસેથી ખરીદ કરવામાં આવેલ. જેનું આવેલ બીલ રૂા.૧૮,૬૦૦/– પુરા મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

બાંધકામ સમીતી ઠરાવ નં.–૦૮ / તા.:૦૭–૦૪–૨૦૨૧ ની ભલામણ મુજબ,વલસાડ નગરપાલિકા સંચાલિત સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે લોંગ ટેનીસ કોર્ટ બનાવવામાં આવેલ, સદરહુ કોર્ટમાં ફલ્ડ લાઈટ બગડી જતાં તાકીદે LED FLOOD LIGHT નંગ–૦૬ શ્રી સાંઈરાજ ટ્રેડર્સ, કિલ્લા પારડી, વલસાડ પાસેથી ખરીદ કરવામાં આવેલ. જે ખરીદીનું આવેલ બીલ રૂા.૧૮,૬૦૦/–પુરાનું અત્રેની કચેરીએ આવેલ છે. સદરહું આવેલ બીલનું ચુકવણું કરવા માટે આગળની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૨૭ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

**કામ નં.–૨૭.**

**વિષયઃ–** **તા.:૦૭/૦૪/૨૦૨૧ની મળેલ જાહેર બાંધકામ કમીટીમાં ઠરાવ્યા મુજબ, વલસાડ નગરપાલિકા હદમાં સ્ટેશન રોડ જતાં રસ્તાને પહોળો કરવા માટે જરૂરી નિર્ણય થવા બાબત..**

**ઠરાવ.:–**

બાંધકામ સમીતી ઠરાવ નં.–૦૯ /તા.:૦૭–૦૪–૨૦૨૧ ની ભલામણ મુજબ,ઈજનેરશ્રી, પ.વ.ડી.શાખાનો રીપોર્ટ વંચાણે લેવામાં આવ્યો. તા.: ૩–૧૦–૨૦૨૦ નાં રોજ **T.P.**સ્કીમનાં **FP No 125** તથા **127** નંબરનાં પાર્કિંગ પ્લોટ દબાણ હટાવી ખુલ્લો કરવામાં આવેલ છે. સદરહું પાર્કિંગ પ્લોટ ખુલ્લો થવાથી શહેરીજનોને પાર્કિંગની સુવિધા મળી છે. સદરહુ પ્લોટમાંથી ૨૦'–૦'' પહોળાઈનો રસ્તો માટે અનામત કરવાથી તથા ૨૦'–૦'' પહોળાઈનો પશુ દવાખાનામાંથી કપાત કરવામાં આવે તો પશ્ચિમ રેલ્વે પાસેથી અંદાજે ૪૦'–૦'' રસ્તાની માંગણી કરવાથી **IN** તથા **OUT** રેલ્વે સ્ટેશનથી શહેરમાં પ્રવેશ માટેની સગવડ થઈ શકે એમ છે. અગાઉ સને ૨૦૦૪ નાં વર્ષમાં રેલ્વે આ માટે સંમત થયેલ હતી. જે હકીકતોને ધ્યાને લેતાં, વલસાડ નગરપાલિકા હદમાં સ્ટેશન રોડ જતાં રસ્તાને પહોળો કરવામાં આવે તો ટ્રાફીકની સમસ્યા દૂર થાય એમ છે. જેથી સદરહું રોડને પહોળો કરવા માટેની, જરૂરી નિયમોનુસારની દરખાસ્ત, જનરલ બોર્ડની મંજુરતની અપેક્ષાએ કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૨૮ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

**<u>કામ નં.–૨૮.</u>**

**<u>વિષય:–</u> તા.:૦૭/૦૪/૨૦૨૧ની મળેલ જાહેર બાંધકામ કમીટીમાં ઠરાવ્યા મુજબ,વલસાડ નગરપાલિકા હસ્તકની મિલકત જેવી કે,સ્પોર્ટસ કોમ્પલેક્ષ, શ્રી મોરારજી દેસાઈ મ્યુઝીયમ,કલ્યાણબાગ, મલ્ટીલેવલ પાર્કીગ, વિગેરેને એજન્સી ધ્વારા ચલાવવામાં આવે તો નગરપાલિકાની આવકમાં વધારો થાય એમ છે. તો સદરહુ કામે જરૂરી કન્સ્લટન્ટશ્રીની નિમણુંક કરી ટેન્ડર બનાવવા માટે યોગ્ય નિર્ણય કરવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

બાંધકામ સમીતી ઠરાવ નં.–૧૨ /તા.:૦૭–૦૪–૨૦૨૧ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હસ્તકની મિલકત જેવી કે,સ્પોર્ટસ કોમ્પલેક્ષ, શ્રી મોરારજી દેસાઈ મ્યુઝીયમ,કલ્યાણબાગ, મલ્ટીલેવલ પાર્કીગ, વિગેરે બનાવવામાં આવેલ છે. અને સદરહુ પ્રોજેકટોમાંથી સારી આવક ઉભી  થાય એમ છે. જેથી સદરહુ બાબતને ઘ્યાને લઈ સદરહુ પ્રોજેકટોને એજન્સી ધ્વારા ચલાવવામાં આવે તો દર માસે નગરપાલિકાની સારી આવક ઉભી થાય અને નગરપાલિકાની આવકની સ્ત્રોતમાં વધારો થાય એમ છે.

ઉપરોકત બાબતે PPP નાં ધોરણે નિભાવણી કરવા રસ ધરાવતી એજન્સીઓ પાસે પેપરમાં જાહેર ખબર આપી, ઓફર મંગાવવાની થાય છે. સદરહું ઓફર મંગાવતા પહેલાં કન્સ્લ્ટન્ટ પાસેથી સદરહું પ્રોજેકટનો નિભાવણી ખર્ચ, આવકો, અને ટેન્ડરની જરૂરી શરતો વિગેરેનો અભ્યાસ કરી, રીપોર્ટ મેળવી લેવાનો રહેશે. ત્યારબાદ નિયમોનુસાર જાહેર ખબર આપી ઓફરો મેળવવા નીતી વિષયક નિર્ણય માટે સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.૨૯ / તા.:૧૯–૦૪–૨૦૨૧**

**––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––**

**<u>કામ નં.–૨૯.</u>**

**<u>વિષયઃ–</u> તા.:૦૭/૦૪/૨૦૨૧ની મળેલ જાહેર બાંધકામ કમીટીમાં ઠરાવ્યા મુજબ,કલ્યાણબાગની સામે આવેલ પાર્કીગ પ્લોટમાં આવતા વાહનો માટે જરૂરી પાર્કિંગનો દર નકકી કરવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**બાંધકામ સમીતી ઠરાવ નં.–૧૩ /તા.:૦૭–૦૪–૨૦૨૧ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા ધ્વારા કલ્યાણ બાગની સામે આવેલ પાર્કિંગ પ્લોટ બનાવવામાં આવેલ છે. અને સદરહું પાર્કિંગ પ્લોટ હાલે કાર્યરત છે. અને પાર્કિંગ પ્લોટમાં આવતા પાર્કિંગ અર્થે આવતા વાહનોનો પાર્કિંગ દર નકકી કરવા અર્થે આવેલ કામે નીચે જણાવ્યા મુજબ, ફોર વ્હીલર વાહન તેમજ ટુ વ્હીલર વાહન માટે પાર્કીગનો દર નકકી કરી, વસુલાત કરવાનું ઠરાવવામાં આવે છે.**

| અ.નં. | વિગત | પાર્કીગ વસુલાત દર |
|---|---|---|
| ૧ | ફોર વ્હીલર | ૧–(એક) કલાકના રૂા.૨૦/– + પછીના દર કલાકના રૂા. ૫/– |
| ૨ | ટુ વ્હીલર | વન ટાઈમના રૂા.૧૦/– |

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૩૦ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

<u>કામ નં.–૩૦.</u>

<u>વિષયઃ–</u> તા.:૦૭/૦૪/૨૦૨૧ની મળેલ જાહેર બાંધકામ કમીટીમાં ઠરાવ્યા મુજબ,કલ્યાણબાગની સામે આવેલ કાચી કેબીનોને તોડી પ્લોટ ખુલ્લો કરવામાં આવેલ, અને સદરહું પાર્કીગ પ્લોટને પાર્કીગ માટે વપરાશ કરેલ, જેમાં સદરહું પ્લોટમાં રાત્રિ દરમ્યાન જરૂરીયાત મુજબ LED લાઈટો એજન્સી શ્રી જયઅંબે લાઈટીંગ ડેકોરેશન,વલસાડ પાસેથી ભાડેથી લાવેલ, જેનું કુલ આવેલ બીલ રૂા. ૭૫,૬૦૦/– પુરાનું મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

બાંધકામ સમીતી ઠરાવ નં.–૧૪ /તા.:૦૭–૦૪–૨૦૨૧ ની ભલામણ મુજબ,કલ્યાણબાગની સામે આવેલ કાચી કેબીનોને તોડી પ્લોટ ખુલ્લો કરવામાં આવેલ, અને સદરહું પાર્કીગ પ્લોટને પાર્કીગ માટે વપરાશ કરેલ, જેમાં સદરહું પ્લોટમાં રાત્રિ દરમ્યાન જરૂરીયાત મુજબ  એજન્સીશ્રી જય અંબે લાઈટીંગ ડેકોરેશન, વલસાડ ધ્વારા LED લાઈટો મુકવામાં આવેલ, સદરહુ મુકવામાં આવેલ LED લાઈટોના ભાડા  અંગેનું આવેલ બીલ બીલ રૂા. ૭૫,૬૦૦/– અંકે રૂા. પંચોતેર હજાર, છસો પુરાનું અત્રેની કચેરીએ આવેલ છે. જે આવેલ બીલનું ચુકવણું કરવા માટે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું  મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૩૧ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

<u>કામ નં.–૩૧.</u>

<u>વિષયઃ–</u> તા.:૦૭/૦૪/૨૦૨૧ની મળેલ જાહેર બાંધકામ કમીટીમાં ઠરાવ્યા મુજબ,વલસાડ નગરપાલિકાના જુદા જુદા પ્રોજેકટો કરવા માટે ઈડન આર્કીટેકટ, સુરતની નિમણુંક કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

<u>ઠરાવ.:–</u>

બાંધકામ સમીતી ઠરાવ નં.–૧૫ /તા.:૦૭–૦૪–૨૦૨૧ ની ભલામણ મુજબ,વલસાડ નગરપાલિકા હદમાં જુદા–જુદા પ્રકારના પ્રોજેકટો હાથ ધરવાના હોય, અને સદરહુ પ્રોજેકટોમાં એજન્સીશ્રી ઈડન આર્કીટેકટ, સુરત પાસેથી આવનારા પ્રોજેકટોમાં કામગીરી કરાવવા માટે, આવેલ કામે ચર્ચા વિચારણા કરતાં સદરહું કામે જરૂરી નિયમોનુસારની આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૩૨ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

<u>કામ નં.–૩૨.</u>

<u>વિષયઃ–</u> તા.:૦૭/૦૪/૨૦૨૧ની મળેલ જાહેર બાંધકામ કમીટીમાં ઠરાવ્યા મુજબ,સરકારશ્રીના પ્લાસ્ટીક મુકત અભિયાન હેઠળ શહેરીજનોમાં જાગૃતિ લાવવા માટે જરૂરી કાપડની બેગ ( ઈકો ફ્રેન્ડલી) બનાવવાની કામગીરી યોગેશ્વર પોલી ઈન્ક,અતુલ પાસે કરાવેલ, જેનું આવેલ બીલ રૂા. ૩૪,૪૫૪/– પુરાનું મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

બાંધકામ સમીતી ઠરાવ નં.–૧૬ /તા.:૦૭–૦૪–૨૦૨૧ ની ભલામણ મુજબ, સરકારશ્રીના પ્લાસ્ટીક મુકત અભિયાન હેઠળ શહેરીજનોમાં જાગૃતિ લાવવા માટે જરૂરીયાત મુજબ કાપડની બેગ ( ઈકો ફ્રેન્ડલી) બનાવવામાં આવેલ, સદરહુ કાપડની બેગ બનાવવાની કામગીરી યોગેશ્વર પોલી ઈન્ક,અતુલને સોંપવામાં આવેલ, એજન્સી ધ્વારા કરેલ કામગીરીનું આવેલ બીલ રૂા.૩૪,૪૫૪/– અંકે રૂા. ચોત્રીસ હજાર, ચારસો ચોપ્પન પુરાનું અત્રેની કચેરીએ આવેલ છે. જે આવેલ બીલનું ચુકવણું કરવા માટે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.૩૩ / તા.:૧૯–૦૪–૨૦૨૧**

---

**<u>કામ નં.–૩૩.</u>**

**<u>વિષય:–</u> તા.:૦૭/૦૪/૨૦૨૧ની મળેલ જાહેર બાંધકામ કમીટીમાં ઠરાવ્યા મુજબ,વલસાડ નગરપાલિકાના એકાઉન્ટન્ટશ્રીના રીપોર્ટમાં જણાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાની મિલકતોમાં હાઉસ કીપીંગની કામગીરી નગરપાલિકાના સ્ટાફ પાસેથી કરાવવા માટે યોગ્ય નિર્ણય થવા બાબત.**

**<u>ઠરાવ.:–</u>**

**બાંધકામ સમીતી ઠરાવ નં.–૧૮ / તા.:૦૭–૦૪–૨૦૨૧ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાની હસ્તકની મિલકતોમાં દર વર્ષે ટેન્ડર કરી એજન્સી પાસેથી હાઉસ કીપીંગની કામગીરી કરાવવામાં આવે છે. અને કરેલ કામગીરીનું ચુકવણું એજન્સીને કરવામાં આવે છે. પરંતુ વલસાડ નગરપાલિકાના એકાઉન્ટન્ટશ્રીના રીપોર્ટમાં જણાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાની મિલકતોમાં હાઉસ કીપીંગની કામગીરી નગરપાલિકાના સ્ટાફ પાસેથી કરાવવામાં આવે તો દર વર્ષે ચુકવવામાં આવતો હાઉસ કીપીંગના ખર્ચમાં રાહત મળે એમ છે. જેથી સદરહું બાબતે નગરપાલિકાની મિલકતોમાં સેનેટરી શાખાના કર્મચારીઓ ધ્વારા કરાવવા માટેના આવેલ કામે, ચર્ચાવિચારણા કરતાં,હાલે નગરપાલિકા પાસે પૂરતો સ્ટાફ ન હોય, જે તે શાખા મારફતે નિયમોનુસારની કાર્યવાહી કરી, જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૩૪/ તા.:૧૯–૦૪–૨૦૨૧

––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––

<u>કામ નં.–૩૪.</u>

<u>વિષય:–</u> તા.:૦૭/૦૪/૨૦૨૧ની મળેલ જાહેર બાંધકામ કમીટીમાં ઠરાવ્યા મુજબ, વોર્ડ નં.–૦૧ માં ઉમર ફળિયા કાબાના ઘરથી નીમીશાબેનના ઘર સુધીના વિસ્તારમાં રોડ રીસર્ફેસીંગ કરવાના કામનો એસ્ટીમેઈટ રૂા.૧,૬૮,૮૦૦/–પુરાનો મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

બાંધકામ સમીતી ઠરાવ નં.–૧૯ /તા.:૦૭–૦૪–૨૦૨૧ ની ભલામણ મુજબ,વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.–૦૧ માં ઉમર ફળિયા કાબાના ઘરથી નીમીશાબેનના ઘર સુધીના વિસ્તારમાં રોડ રીસર્ફેસીંગ કરવાના કામનો એસ્ટીમેઈટ રૂા.૧,૬૮,૮૦૦/– અંકે રૂા. એક લાખ, અડસઠ હજાર, આઠસો પુરાનો આવેલ છે. જેથી સદરહુ કામગીરી કરાવવા માટે નામદાર સરકારશ્રીની આવનારી યોજનામાં સમાવેશ કરી કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૩૫ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

<u>કામ નં.–૩૫.</u>

<u>વિષય:–</u> તા.:૦૭/૦૪/૨૦૨૧ની મળેલ જાહેર બાંધકામ કમીટીમાં ઠરાવ્યા મુજબ, વોર્ડ નં.–૦૧ માં વિજયભાઈના ઘરથી પંપીંગ સ્ટેશન થી આંધીયાવાડ જકાતનાકા સુધી ડામર રોડ બનાવવાના કામનો એસ્ટીમેઈટ રૂા.૧૨,૭૪,૪૦૦/–પુરાનો મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

બાંધકામ સમીતી ઠરાવ નં.–૨૦ / તા.:૦૭–૦૪–૨૦૨૧ ની ભલામણ મુજબ વોર્ડ નં.–૦૧ માં વિજયભાઈના ઘરથી પંપીંગ સ્ટેશન થી આંધીયાવાડ જકાતનાકા સુધી ડામર રોડ બનાવવાના કામનો એસ્ટીમેઈટ રૂા.૧૨,૭૪,૪૦૦/– અંકે રૂા.બાર લાખ, ચુમ્મોતેર હજાર, ચારસો પુરાનો આવેલ છે. જેથી સદરહુ કામગીરી કરાવવા માટે નામદાર સરકારશ્રીની આવનારી યોજનામાં સમાવેશ કરી કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૩૬ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

<u>કામ નં.–૩૬.</u>

<u>વિષયઃ–</u> તા.:૦૭/૦૪/૨૦૨૧ની મળેલ જાહેર બાંધકામ કમીટીમાં ઠરાવ્યા મુજબ,મે.પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં રે.દી.મુ.નં.–૯૧ / ૨૦૨૦ ની અપીલની સુનાવણીમાં એડવોકેટશ્રી મુકેશ જે.પાંચાલ, વલસાડ કોર્ટમાં હાજર રહેલ, જે અન્વયે વકીલશ્રીનુ આવેલ બીલ રૂા. ૮૦,૦૦૦/– પુરાનું મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

બાંધકામ સમીતી ઠરાવ નં.–૨૧ / તા.:૦૭–૦૪–૨૦૨૧ ની ભલામણ મુજબ,મે.પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં રે.દી.મુ.નં.–૯૧ / ૨૦૨૦ ની અપીલની સુનાવણીમાં એડવોકેટશ્રી મુકેશ જે.પાંચાલ, વલસાડ કોર્ટમાં હાજર રહેલ, જે અન્વયે વકીલશ્રીનુ આવેલ બીલ રૂા. ૮૦,૦૦૦/– અંકે રૂા. એંસી હજાર પુરાનું અત્રેની કચેરીએ આવેલ છે. જે આવેલ કામે ચર્ચા કરતાં, ચાર્જીસ નકકી કરી પેનલના વકીલની નિમણુંક કરી તેઓ તૈયાર થતાં હોય તેવા પેનલના વકીલ પાસે કામગીરી કરાવવા અંગેની કાર્યવાહી કરવી. કાયદા કમીટીમાં ઠરાવ  થયેલ હોય તેને ધ્યાને લઈ સદરહું આવેલ બીલનું ચુકવણું કરવા કાયદા કમીટીનો રીપોર્ટ મંગાવવા માટે આગળની કાર્યવાહી કરવાનું  ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૩૭ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

<u>કામ નં.–૩૭.</u>

<u>વિષય:–</u> તા.:૦૭/૦૪/૨૦૨૧ની મળેલ જાહેર બાંધકામ કમીટીમાં ઠરાવ્યા મુજબ, વલસાડ નગરપાલિકા હદમાં ખરાબ થયેલ રસ્તાઓને ચોમાસાની સીઝન દરમ્યાન જરૂરીયાત મુજબ **GSB,** વિગેરે મટીરીયલ્સ સપ્લાય કરવાના કામે સને:૨૦૧૯–૨૦ ના વાર્ષિક મંજુર થયેલ ભાવોથી ઠેકેદારશ્રી ભરતકુમાર એ. ઓડેદરા, વલસાડ પાસેથી કામગીરી કરાવેલ. જેનું આવેલ બીલ રૂા.૧,૨૯,૪૯,૯૮૬/– પુરાનું મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

બાંધકામ સમીતી ઠરાવ નં.–૨૨ / તા.:૦૭–૦૪–૨૦૨૧ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદમાં ખરાબ થયેલ રસ્તાઓને ચોમાસાની સીઝન દરમ્યાન જરૂરીયાત મુજબ **GSB,** વિગેરે મટીરીયલ્સ સપ્લાય કરવાના કામે સને:૨૦૧૯–૨૦ ના વાર્ષિક મંજુર થયેલ ભાવોથી ઠેકેદારશ્રી ભરતકુમાર એ. ઓડેદરા, વલસાડ પાસેથી કામગીરી કરાવેલ. જેનું આવેલ બીલ રૂા.૧,૨૯,૪૯,૯૮૬/–પુરાનું અત્રેની કચેરીએ આવેલ છે.

સને : ૨૦૨૦ ના વર્ષે ના.સરકારશ્રીની જુદી જુદી યોજના હેઠળ વલસાડ નગરપાલિકા ધ્વારા અમૃત યોજના હેઠળ ઝરણાપાર્ક થી છેલ્લી વાડી થઈ ભંડારવાડ, અબ્રામા સુધી વરસાદી ગટર બનાવવામાં આવેલ છે. જેના કારણે સદરહુ રસ્તો ખુબજ ખરાબ હાલતમાં હતો, તેમજ વલસાડ શહેરમાં અમૃત યોજના હેઠળ પ્રાગજી ટાવર વિસ્તાર તેમજ જટેશ્વર મંદિર વિસ્તારમાં પીવાના પાણીની મેઈન રાઈઝીંગ લાઈન નાખવામાં આવેલ હતી જેના કારણે સદરહુ વિસ્તારના રસ્તાને રીસ્ટોરેશન કરવાની જરૂરીયાત હતી. સદરહુ કામગીરી અર્થે ખરાબ થયેલ રસ્તાઓને રોડ રીસ્ટોરેશન કરવાના કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં જાહેરાત આપી ઓનલાઈન ટેન્ડર મંગાવવાની છેલ્લી તા.:૨૮–૦૩–૨૦૨૦ હતી પરંતુ જે તે સમયે સદરહુ કામે કોઈ ટેન્ડર આવેલ ન હોય.અને સને :૨૦૨૦ માં નોવેલ કોરોના વાયરસ ( **COVID-19** ) કે જેને વિશ્વ આરોગ્ય સંગઠન **(WHO)** ધ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવતા ના.સરકારશ્રી ધ્વારા તા.:૨૫–૦૩–૨૦૨૦ થી લોકડાઉન જાહેર કરવામાં આવતા ટેન્ડરો સમયમર્યાદામાં આવી શકેલ નથી. તેમજ જે તે સમયમાં ચોમાસુસત્રમાં શરૂ થનાર હોય, અને સાઉથ ગુજરાતમાં અંદાજે ૧૦૦ ઈંચ જેટલો વરસાદ થતો હોય છે. અને જે તે સમયે ચોમાસાની સીઝન પણ ખુબજ નજીક હોય, જેથી ઉપરોકત જણાવેલ રસ્તાઓ તેમજ નગરપાલિકા હદ વિસ્તારમાં જુદા–જુદા સ્થળોએ ખરાબ થયેલ રસ્તાઓને રીપેરીંગ કરવાની ખુબજ અત્યંત અને આવશ્યક જરૂરીયાત હોય, અને વલસાડના શહેરીજનો ચોમાસાની સીઝન દરમ્યાન સદરહુ રસ્તા ઉપરથી સરળતાથી અવર–જવર કરી શકે તેવા શુભ આશયથી સદરહુ રસ્તાઓ મરામત કરવાની અત્યંત અને અતિ આવશ્યક જરૂરીયાત ઉપસ્થિત થયેલ.

ઉપરોકત વૈશ્વિક મહામારી **COVID-19** તેમજ ચોમાસુસત્રને ધ્યાને લઈ તેમજ જે તે વિસ્તારના સ્થાનિક રહીશો તેમજ નગરપાલિકાના સભ્યશ્રીઓની રજુઆતને ધ્યાને લઈ વલસાડ નગરપાલિકાના સને : ૨૦૧૯–૨૦ ના વાર્ષિક ઓફ લાઈન ટેન્ડરો મંગાવવામાં આવેલ, સદરહુ મંજુર થયેલ જી.એસ.બી.મટીરીયલ્સ તેમજ મેટલ થી રસ્તાઓના ખાડા પુરાવા માટેના ભાવો સપ્લાયર્સશ્રી ભરતકુમાર એ. ઓડેદરા, વલસાડના કા.સ.ઠ.નં.–૨૩૧ /

તા.:૧૪–૧૦–૨૦૧૯ થી મંજુર થયેલ હતા. સદરહુ મંજુર થયેલ ભાવોથી સપ્લાયર્સશ્રી ભરતકુમાર એ. ઓડેદરા, વલસાડને જરૂરી વર્કઓર્ડર આપી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

ઉપરોકત સપ્લાયર્સશ્રી ભરતકુમાર એ. ઓડેદરા, વલસાડને આપવામાં આવેલ વર્કઓર્ડર મુજબ કામગીરી પૂર્ણ કરેલ છે અને કરેલ કામગીરીના બીલો અત્રેની કચેરીએ રજુ કરેલ છે. જે આવેલ બીલોની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | નગરપાલિકા બીલ નં./તારીખ | વર્કઓર્ડર નં./તારીખ | બીલની રકમ | સપ્લાય કરેલ મટીરીયલના વિસ્તારો |
|---|---|---|---|---|
| ૧ | ૪૦<br>૦૩–૦૭–૨૦૨૦ | ૩૧૦<br>૦૧–૦૬–૨૦૨૦ | ૨૮,૮૭,૪૦૨– | પારડી સાંઢપોર ખાતે કલર ફેકટરી થી ડંમ્પીંગ સાઈટ સુધી |
| ૨ | ૪૫<br>૧૪–૦૭–૨૦૨૦ | ૩૧૧<br>૦૧–૦૬–૨૦૨૦ | ૨૬,૬૨,૪૯૮– | ઝરણા પાર્ક થી ભંડારવાસ |
| ૩ | ૫૩<br>૧૫–૦૭–૨૦૨૦ | ૬૨૦<br>૦૫–૦૬–૨૦૨૦ | ૪૬,૧૨,૭૭૦– | હરીનગર, સાંઈરીવર, વાવ ફળિયા, સુધાનગર, ગરીબનવાઝ, દયાળજીની વાડી,નાયકીવાડ, ધારાનગર, વસનજીપાર્ક, ગોકુલધામ, શાંતિનગર, ઠાકોરભાઈ પાર્ક, પ્રમુખ શિવાલય, સોના નગર પ્લોટ, પુનિત પ્લોટ, રાજનનગર |
| ૪ | ૧૬૩<br>૦૮–૧૦–૨૦૨૦ | ૬૪૨<br>૧૧–૦૬–૨૦૨૦ | ૫,૦૬,૩૯૬– | જૂનું વલસાડ શહેર વિસ્તાર |
| ૫ | ૧૬૪<br>૦૮–૧૦–૨૦૨૦ | ૬૪૩<br>૧૧–૦૬–૨૦૨૦ | ૧૧,૩૧,૬૯૦– | મોગરાવાડી વિસ્તાર |
| ૬ | ૧૬૫<br>૦૮–૧૦–૨૦૨૦ | ૯૪૦<br>૨૩–૦૭–૨૦૨૦ | ૩,૪૬,૭૭૪– | અબ્રામા વિસ્તાર |
| ૭ | ૫૨૪<br>૨૨–૦૩–૨૦૨૧ | ૯૩૯<br>૨૩–૦૭–૨૦૨૦ | ૮,૦૨,૪૫૬– | પારડી સાંઢપોર કલર ફેકટરી થી એન્કર ગલી થઈ કૈલાશ રોડ સુધી (ડંમ્પીંગ સાઈટ જતો રોડ ) |
| ૮ | ૫૨૩<br>૨૨–૦૩–૨૦૨૧ | ૨૮૯૪<br>૦૩–૦૨–૨૦૨૦ | ૧,૬૩,૭૨૮– | પરાગજી ટાવર થી તિથલ રોડ સુધી |

ઉપરોકત કરેલ કામગીરી અન્વયે સને : ૨૦૨૦ ની વૈશ્વિક મહામારી **COVID-19** તેમજ ચોમાસુ સત્રને ઘ્યાને લઈ ચોમાસાની સીઝનમાં શહેરીજનોને અવર–જવર કરવામાં હાલાકી ન ઉપસ્થિત ન થાય તેમજ ખરાબ થયેલ રસ્તાઓને કારણે વરસાદી સીઝનમાં કોઈ અકસ્માન ન બને તેમજ સદરહુ ખરાબ થયેલ રસ્તાઓ મરામત કરવા માટે વલસાડ નગરપાલિકાના સભ્યશ્રીઓની અવાર–નવાર રજૂઆતો તેમજ વલસાડ શહેરની નાગરીકોની રજૂઆતને ઘ્યાને લઈ ઉપરોકત કામગીરી તાકીદે કરાવી વલસાડ નગરપાલિકા હદના ખરાબ થયેલ તમામ રસ્તાઓ મરામત કરાવેલ છે. અને સદરહુ કરેલ કામગીરી બાબતે ચોમાસુસત્ર–૨૦૨૦ માં ખરાબ રસ્તા અન્વયે કોઈ શહેરીજનોને કે કોઈ અકસ્માત થવાની ફરીયાદો ઉપસ્થિત થયેલ ન હોય, અને સદરહુ કામગીરી શહેરીજનોને મુશ્કેલીઓ ઉપસ્થિત ન થાય એવા શુભ આશયથી કરવામાં આવેલ છે. જેથી સદરહુ કરાવેલ કામગીરીના આવેલ બીલોનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.૩૮ / તા.:૧૯–૦૪–૨૦૨૧**

---

**<u>કામ નં.–૩૮.</u>**

**<u>વિષયઃ–</u> તા.:૦૭/૦૪/૨૦૨૧ની મળેલ જાહેર બાંધકામ કમીટીમાં ઠરાવ્યા મુજબ,નામદાર સરકારશ્રીની અમૃત યોજના (૨૦૧૭–૨૦) હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં અબ્રામા, ધારાનગર સોસાયટીના કોમન પ્લોટમાં તેમજ તિથલ રોડ, ગીતાંજલી સોસાયટીની સામે ગાર્ડન બનાવવાના કામે આવેલ ટેન્ડર મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**બાંધકામ સમીતી ઠરાવ નં.–૩૦ / તા.:૦૭–૦૪–૨૦૨૧ ની ભલામણ મુજબ,નામદાર સરકારશ્રીની અમૃત યોજના (૨૦૧૭–૨૦) હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં (૧) અબ્રામા,ધરમપુર રોડ ખાતે આવેલ ધારાનગર વિસ્તારમાં સી.સ.નં.૧૫૩ / એ, વાળી જમીનમાં ધારાનગર સોસાયટી ધ્વારા આપવામાં આવેલ સંમતિ મુજબ કોમન પ્લોટમાં ગાર્ડન બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ (૨) તિથલ રોડ, ગીતાંજલી સોસાયટીની સામે આવેલ સી.સ.નં.૪૮૭૯, ફા.પ્લોટ નં.–૭૨,વાળી જમીન જે માર્ગ અને મકાન વિભાગ, વલસાડના તાબા હેઠળ હોય જરૂરી મૌખીક મંજુરીથી, સદરહું ઉપરોકત જણાવેલ જગ્યામાં ગાર્ડન બનાવવાના કામે, ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવેલ, જે અન્વયે ખુલ્લા કરેલ ટેન્ડર તુલનાત્મક પત્રક જોતાં, એકંદરે ઠેકેદાર શ્રી કુમાર કન્સ્ટ્રકશન, પ્લોટ નં.–૭૩૬, સેકટર–૬/બી, ગાંધીનગરનું ટેન્ડર એસ્ટીમેઈટ કોસ્ટ રૂા.૯૮,૬૭,૭૩૮/– કરતાં ૯.૯૦% નીચા ભાવથી એટલે કે રૂા.૮૯,૭૦,૭૬૦.૬૨/– પુરાનું ટેન્ડર આવેલ છે.જે સદરહું ટેન્ડર મંજુર કરી, જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૩૯ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

<u>કામ નં.–૩૯.</u>

<u>વિષય:–</u> તા.:૦૭/૦૪/૨૦૨૧ની મળેલ જાહેર બાંધકામ કમીટીમાં ઠરાવ્યા મુજબ, આંગણવાડી બનાવવા માટે જમીનની ફાળવણી કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

બાંધકામ સમીતી ઠરાવ નં.–૩૩ / તા.:૦૭–૦૪–૨૦૨૧ ની ભલામણ મુજબ, બાળવિકાસ યોજના અધિકારી, સંકલિત બાળ વિકાસ યોજના કચેરી, વલસાડ – ૨ ના પત્રક્રમાંક નં– આઈ.સી.ડી.એસ. / વશી / ૨૪ / ૨૦૨૧ / તા.:૧૩–૦૧–૨૦૨૧ ના પત્ર અન્વયે, વલસાડ નગરપાલિકાના ઈજનેરશ્રી, પ.વ.ડી.શાખાનો સ્થળ તપાસ અંગેનો નીચે જણાવેલ વિગતવાર રીપોર્ટમાં સુચિત જગ્યાનું લીસ્ટ મુજબની કામગીરી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ. નં. | તાલુકાનું નામ | ઘટકનું નામ | આંગણવાડી નું નામ | મંજુર યોજનાનું નામ | આંગણવાડીમાં સમાવિષ્ટ વિસ્તાર (ફળિયાના નામ) | આંગણવાડી બનાવવા માટે જગ્યા ઉપલબ્ધ છે કે નહીં | જો સુચિત જગ્યા ઉપલબ્ધ હોય તો તે સ્થળ વિગતવાર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વલસાડ | વલસાડ–૨ | અબ્રામા, ભંડારવાસ | નંદઘર | ભંડારવાસ/વશી ફળિયું/ ઉગમણા ફળિયા | હા | ભંડારવાસ જૂનો કુવો પુરાણ કરેલ છે.જેથી આંગણવાડી બનાવી શકાય છે. |
| ૨ | વલસાડ | વલસાડ–૨ | ખાટકીવાડ | સ્વર્ણિમ | ભોયાવાડ નવીચાલ /ભોયાવાડ માસ્ટરરોડ/ ખાટકીવાડ /સિપાઈવાડ /અગિયારી મહોલ્લો / નાયકીવાડ | હા | તરીયાવાડ, ભરતભાઈ ડી.જે.વાલાના ઘરની બાજુની જગ્યામાં આંગણવાડી કેન્દ્ર બનાવી શકાયઈ પહેલા અહી બનાવવાના હતા પરંતુ પછી કશુ કર્યુ નથી તેના માટે |
| ૩ | વલસાડ | વલસાડ–૨ | છીપવાડ, વાવડી | સ્વર્ણિમ | | હા | વાવડી ઉપર નગરપાલિકાના જુના શૌચાલય હતા તે તોડી નાખેલ છે. ત્યાં આંગણવાડી કેન્દ્ર બનાવી શકાય. |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૪૦ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

**કામ નં.–૪૦.**

**વિષયઃ–** તા.:૦૭/૦૪/૨૦૨૧ની મળેલ જાહેર બાંધકામ કમીટીમાં ઠરાવ્યા મુજબ,ના.સરકારશ્રી **SJMMSVY** આગવી ઓળખ હેઠળ કલ્યાણ બાગ જયોતિમિનારના લોકાર્પણ કાર્યક્રમ હેઠળ કલ્યાણ બાગની કંમ્પાઉન્ડ વોલ ઉપર મુકવામાં આવેલ લાઈટના ડોમ્સ અંગેનું આવેલ બીલ રૂા. ૧૪,૨૮૦/–મંજુર કરવા બાબત..

**ઠરાવ.:–**

બાંધકામ સમીતી ઠરાવ નં.–૩૫/તા.:૦૭–૦૪–૨૦૨૧ ની ભલામણ મુજબ,ના.સરકારશ્રી **SJMMSVY** આગવી ઓળખ હેઠળ કલ્યાણ બાગ જયોતિ મિનારના ડેવલપમેન્ટ કરવામાં આવેલ, સદરહુ કલ્યાણ બાગ તેમજ જયોતિ મિનારની રાત્રિના સમયે સુંદરતામાં વધારો આવે એ હેતુથી કલ્યાણ બાગની બનાવવામાં આવેલ કંમ્પાઉન્ડ વોલ ઉપર લાઈટના ડોમ્સ ખરીદ કરી લગાડવામાં આવેલ, સદરહું ખરીદી વલસાડના સ્થાનિક વેરાયટીસ ઈલેકટ્રીકલ્સ, વલસાડ પાસેથી કરવામાં આવેલ, અને સદરહું ખરીદી અંગેનું આવેલ બીલ રૂા.૧૪,૨૮૦/–પુરાનું અત્રેની કચેરીએ આવેલ છે. જે સદરહું આવેલ બીલનું ચુકવણું કરવા માટેની આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૪૧ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

<u>કામ નં.–૪૧.</u>

<u>વિષયઃ–</u> તા.:૦૭/૦૪/૨૦૨૧ની મળેલ જાહેર બાંધકામ કમીટીમાં ઠરાવ્યા મુજબ, વલસાડ નગરપાલિકા હદમાં બેચરરોડ તેમજ બંદરરોડ ઉપર ડીમોલેશનની કામગીરીમાં જરૂરીયાત મુજબ સ્થળ ઉપર ફ્રેસીંગ કરવામાં આવેલ, જે ફ્રેસીંગના માલ–સામાનનું આવેલ બીલ રૂા.૧,૫૫,૫૦૦/–મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

બાંધકામ સમીતી ઠરાવ નં.–૩૬ / તા.:૦૭–૦૪–૨૦૨૧ ની ભલામણ મુજબ,વલસાડ નગરપાલિકા હદમાં બેચરરોડ તેમજ બંદર રોડ ઉપર ડીમોલેશનની કામગીરી હાથ ધરવામાં આવેલ, અને સદરહું કામગીરીમાં ડીમોલેશન કર્યા બાદ ફરીથી દબાણ થાય તે માટે સદરહુ સ્થળ ઉપર ફ્રેસીંગ કરવાની જરૂરીયાત હોય, જેથી સદરહું ફ્રેસીંગ કરવાના કામે જરૂરીયાત મુજબ ફ્રેસીંગ કરવાના માલ–સામાનની ખરીદી કરી તાકીદે ફેંસીંગ કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ, સદરહુ કામે જરૂરીયાત મુજબ માલ–સામાનની ખરીદી વલસાડના સ્થાનિક વસંત હાર્ડવેર એન્ડ જનરલ સ્ટોર્સ, આઝાદ ચોક, વલસાડ પાસેથી કરેલ, સદરહુ ખરીદી અંગેનું આવેલ બીલ રૂા.૧,૫૫,૫૦૦/– અંકે રૂા.એક લાખ, પંચાવન હજાર, પાંચસો પુરાનું અત્રેની કચેરીએ આવેલ છે. તો સદરહુ આવેલ બીલનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૪૨ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

<u>કામ નં.–૪૨.</u>

<u>વિષયઃ–</u> હો.ક.ઠ.નં.–૩૨/તા.:૩૧/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ, મ્યુનિ.હોસ્પીટલમાં સ્ટાફ નર્સ તરીકે સેવા આપતા સુહાસીની જે. વસાવાનો ૧૧ માસનો કરાર પૂર્ણ થતો હોય રીન્યુ કરવા બાબત.

<u>ઠરાવ.:–</u>

હો.ક.ઠ.નં.–૩૨/ તા.:૩૧/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ, મ્યુનિ. હોસ્પીટલમાં ૧૧–માસના કરાર ઉપર સ્ટાફ નર્સ તરીકે સેવા આપતા સુહાસીની જે.વસાવા, જેમની મુદત તા.: ૧૦/૦૪/૨૦૨૧ ના રોજ પૂર્ણ થતાં હોય તેમની આવેલ તા.:૩૦/૦૩/૨૦૨૧ ની અરજીમાં રીન્યુ કરી આપવા વિનંતી કરેલ છે. સદરહું કર્મચારીની છેલ્લા–૮ વર્ષથી નિયમીત ફરજ બજાવતા આવેલ છે તેમજ સમગ્ર કોવીડ–૧૯ દરમ્યાન પણ ખંત અને સંતોષકારક રીતે કામગીરી કરતાં આવેલ છે. જેઓને ફરીથી સદરહું ૧૧–માસનો કરાર રીન્યુ કરી આપવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૪૩ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

<u>કામ નં.–૪૩.</u>

<u>વિષય:–</u> હો.ક.ઠ.નં.–૩૩/તા.:૩૧/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ, મ્યુનિ.હોસ્પીટલમાં ખાલી પડેલ સ્ટાફની ભરતી કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

હો.ક.ઠ.નં.–૩૩/ તા.:૩૧/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ,વલસાડ નગરપાલિકા સંચાલિત હોસ્પીટલમાં સ્ટાફની ખાલી પડેલ જગ્યાઓ ભરતી કરવા માટે હાલમાં ફરજ બજાવતો સ્ટાફ તેમજ ખાલી પડેલ જગ્યાઓ નીચે મુજબ જણાવેલ છે.

| જગ્યાનું નામ | કુલ મહેકમ | ભરેલ જગ્યા | ખાલી પડેલ જગ્યા |
|---|---|---|---|
| મેડીકલ ઓફીસર | ૪ | ૨ | ૨ |
| સ્ટાફ નર્સ | ૬ | ૧ કાયમી | ૫ |
| | | ૧ કરાર આધારીત | |
| | | ૪ આ.સો.એજન્સી | |
| ફાર્માસીસ્ટ | ૪ | ૨ | ૨ |
| સ્વીપર | ૪ | ૧ કાયમી | ૨ |
| | | ૧ ફીકસ પગાર | |
| વોર્ડ બોય | ૪ | ૧ કાયમી | ૩ |
| | | ૨ આ.સો.એજન્સી | |
| વોર્ડ આયા | ૪ | ૨ રોજીંદા | ૪ |
| | | ૨ આ.સો.એજન્સી | |
| લેબ ટેકનીશીયન | ૧ | ૧ આર.એન.ટી.સી.પી. | ૧ |
| | | ૧ આ.સો.એજન્સી (૨૦% કાપમાં જગ્યા રદ કરેલ છે. | |

હાલમાં ઉપર બતાવ્યા મુજબનો સ્ટાફ ફરજ બજાવે છે. અને હોસ્પીટલમાં સ્ટાફની ઘટ જણાતા હાલમાં આઉટ સોર્સીંગ એજન્સીમાંથી કરાર મુજબ સ્ટાફની ભરતી કરી હંગામી ધોરણે કામ ચલાઉ હોસ્પીટલ ચલાવવામાં આવે છે. પરંતુ સરકારશ્રીના શ્રમ અને રોજગાર અને તાલીમ ગાંધીનગરના પરીપત્ર ક્રમાંક મકમ / વ / આઉટ સોર્સ / ૨૦૨૧ નં.૧૦ તા.:૦૬/૦૧/૨૦૨૧ ના આવેલ પત્રમાં જણાવ્યા મુજબ આઉટ સોર્સીંગ એજન્સીની ટેન્ડરીંગની કામગીરી સ્થગિત કરવામાં આવે છે એવુ જણાવે છે. તેથી હોસ્પીટલમાં ચાલતી એજન્સીનો કરાર ટુક સમયમાં પુરો થશે તેથી વહીવટી તકલીફો ઉભી થશે તો નીચે મુજબના સ્ટાફની ભરતી કરવી જરૂરી છે.

| | | |
|---|---|---|
| (૧) | સી.એમ.ઓ. | ૧ એમ.એસ.સર્જન |
| (૨) | એલ.એમ.ઓ. | ૧ ગાયનેક ( ડી.જી.ઓ.) |
| (૩) | એમ.ઓ. | ૨ એમ.બી.બી.એસ. |
| (૪) | ફાર્માસીસ્ટ | ૧ રજીસ્ટર ફાર્મા |
| (૫) | સ્ટાફ નર્સ | ૫ જી.એન.એમ. |

| | | |
|---|---|---|
| (૬) | લેબ ટેક | ૧ બી.એસ.સી.માઈક્રો( ડી.એમ.એલ.ટી. ) |
| (૭) | વોર્ડ બોય | ૪ |
| (૮) | વોર્ડ બોય | ૪ |
| (૯) | સ્વીપર | ૪ |
| (૧૦) | ડ્રાઈવર | ૧ |
| (૧૧) | વોચમેન | ૨ ( દિવસ અને રાત ) |
| (૧૨) | કલાર્ક | ૨ કોમ્પ્યુટરના જાણકાર |

ઉપરોક્ત મુજબના સ્ટાફની હાલમાં જરૂરીયાત છે અને આ સ્ટાફની ભરતી કરવામાં આવે તો હોસ્પીટલમાં વહીવટી શીફટ મુજબ વ્યવસ્થા કરવાનું અનુકુળતા રહે છે.

ઉપરોક્ત હકીકતોને ધ્યાને રાખી, સરકારશ્રીની મંજુરી મેળવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.૪૪ / તા.:૧૯–૦૪–૨૦૨૧**

---

**<u>કામ નં.–૪૪.</u>**

**<u>વિષયઃ–</u> હો.ક.ઠ.નં.–૩૪ / તા.:૩૧/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ, હોસ્પીટલ શાખામાં ફરજ બજાવતા કાયમી કર્મચારીઓને ગણવેશ આપવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**હો.ક.ઠ.નં.–૩૪/ તા.:૩૧/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ,મ્યુનિસિપલ હોસ્પીટલમાં ફરજ બજાવતા ચોથા વર્ગના કર્મચારીઓને દર બે વર્ષે બે જોડી ગણવેશ આપવાનું થાય છે. પંરતુ છેલ્લા બે વર્ષથી તેમને ગણવેશ આપવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. તો સદરહુ ચોથા વર્ગના કર્મચારીઓને ગણવેશ આપવા માટે નિયમોનુસાર સ્થાનિક બજારમાંથી ભાવો મંગાવી ઓછા ભાવે ગણવેશની ખરીદી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૪૫ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

**<u>કામ નં.–૪૫.</u>**

**<u>વિષયઃ–</u> હો.ક.ઠ.નં.–૩૫/તા.:૩૧/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ, હોસ્પીટલ માટે આઉટ સોર્સીગથી સીકયુરીટી ગાર્ડ મુકવા બાબતે વ.ન.પા.ના આઉટ સોર્સીગ એજન્સી મારફતે માણસો પ્રોવાઈડ કરવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**હો.ક.ઠ.નં.–૩૫ / તા.:૩૧/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ,મ્યુનિસિપલ હોસ્પીટલમાં કોવીડ–૧૯હેઠળ કોવીડના ટેસ્ટીંગ કરાવવા તેમજ કોવીડની રસી મુકાવવા માટે આવતા દર્દીઓનો ધસારો રહે છે. તેથી હોસ્પીટલમાં કોઈ પણ સીકયુરીટી ગાર્ડ કે વોચમેન ન હોય ઘણી વાર અનિચ્છનીય બનાવો બને છે. તેથી નગરપાલિકામાં આઉટ સોર્સીગ થી સીકયુરીટી ગાર્ડની વ્યવસ્થા કરવામાં આવેલ હોય તો, મ્યુનિસીપલ હોસ્પીટલમાં પણ સીકયુરીટી ગાર્ડની વ્યવસ્થા કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૪૬ / તા.:૧૯–૦૪–૨૦૨૧

———————————————————————————————————————————

<u>કામ નં.–૪૬.</u>

<u>વિષય:–</u> હો.ક.ઠ.નં.–૩૬/તા.:૩૧/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાના હોસ્પીટલ ખાતે હાલે નવા ઉપકરણ સાથે લેબ શરૂ કરવાની હોય લેબ અંગેનો જરૂરી સમય નકકી કરવા તેમજ સદરહું લેબનું સોફટવેર ખરીદ કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

હો.ક.ઠ.નં.–૩૬/ તા.:૩૧/૦૩/૨૦૨૧ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ હોસ્પીટલમાં આવેલ લેબોરેટરી વિભાગ શરૂ કરવામાં આવેલ છે. તેથી વિવિધ તપાસોના રીપોર્ટ તૈયાર કરવાના થતા હોય કોમ્પ્યુટરમાં કોઈ પણ જાતની વ્યવસ્થા નથી તેથી સદર કોમ્પ્યુટરમાં નીદાન થયેલ રીપોર્ટની માહિતી આપવા માટે લેબનું સોફટવેરની જરૂરીયાત રહે છે. જે હકીકતો ઘ્યાનમાં લઈ, હાલમાં પ્રવર્તમાન કોવિડ–૧૯ ની પરિસ્થિતિમાં સદરહુ કામગીરી અગ્રતાનાં ધોરણે તાત્કાલીક કરવી જરૂરી છે. જેથી નાણાંકીય ઔચિત્યનાં નિયમોને આધિન જરૂરી કાર્યવાહી કરી, સદર લેબની સોફટવેરની જરૂરીયાત માટે સ્થાનિક બજારમાંથી ભાવો મંગાવી ઓછા ભાવે ખરીદ કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૪૭ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

<u>કામ નં.–૪૭.</u>

<u>વિષયઃ–</u> ફા.& લા.ક.ઠ.નં.૧ / તા.:૦૮/૦૪/૨૦૨૧ ની ભલામણ મુજબ, ફાયર શાખા હસ્તક ચાલતી વોટર બાઉઝર રજી. નં.**GJ-15-G-0742** માં નવી બેટરી ખરીદ કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ફા.& લા.ક.ઠ.નં.૧ / તા.:૦૮/૦૪/૨૦૨૧ ની ભલામણ મુજબ,વલસાડ નગરપાલિકા હસ્તક ચાલતી વોટર બ્રાઉઝર જેનો આર.ટી.ઓ રજીસ્ટ્રેશન નંબર : .**GJ-15-G-0742** માં બેટરી ખરાબ થઈ જવાના કારણે નવી ખરીદ કરવા સ્થાનિક બજારમાંથી ભાવો મંગાવેલ જેનું તુલનાત્મક પત્રકના આધારે શ્રી ઉમેશ બેટરી સેન્ટર,ગુંદલાવ, વલસાડના **( EXIDE 12V 150 AH )** બેટરી નંગ–૧ ના રૂા.૧૧,૩૦૦/–( જુની બેટરી પરત ) સાથેના ભાવો મંજુર કરી સદર બેટરી ખરીદવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૪૮ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

<u>કામ નં.–૪૮.</u>

<u>વિષયઃ–</u> ફા.& લા.ક.ઠ.નં.૨ / તા.:૦૮/૦૪/૨૦૨૧ ની ભલામણ મુજબ,ડી.એસ.પી. ઓફીસથી તીથલ રોડ જકાત નાકા સુધી રોડના ડીવાઈડર પોલ ઉપર મેન્ગો " ડેકોરેટીવ " લાઈટ મુકવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ફા.& લા.ક.ઠ.નં.૨ / તા.:૦૮/૦૪/૨૦૨૧ ની ભલામણ મુજબ,હાલે તીથલ રોડનું વાઈડીગનું કામ આર.એન્ડ. બી વલસાડ ધ્વારા કરવામાં આવેલ છે. તથા રોડની મધ્યમાં સ્ટ્રીટ લાઈટ પોલ નગરપાલિકાએ ના. સરકારશ્રીની ૧૪ માં નાણાં પંચ–૨૦૧૮–૧૯ ના વર્ષની ગ્રાન્ટ હેઠળ કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

સદરહું સ્ટ્રીટ લાઈટના પોલ ઉપર મે.કલેકટર સાહેબ, તથા મે. ડી.એસ.પી સાહેબ વલસાડના સુચન મુજબ વલસાડ " કેરી " માટે જાણીતું છે જેથી વલસાડ શહેરની " મેન્ગો સીટી " તરીકે ઓળખ ઉભી થાય તે માટે સ્ટ્રીટ લાઈટના પોલ ઉપર મેન્ગો આકારનું લાઈટીગ – એલ.ઈ.ડી ટાઈપ " **Neon Light** " ફીટીંગ કરવા માટે ડીઝાઈન તૈયાર કરી,એસ્ટીમેઈટ બનાવી, રજુ કરવાનું મંજુર કરવા માટે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૪૯ / તા.:૧૯–૦૪–૨૦૨૧

————————————————————————————————————————

<u>**કામ નં.–૪૯.**</u>

<u>**વિષયઃ–**</u> **ફા.& લા.ક.ઠ.નં.૩ / તા.:૦૮/૦૪/૨૦૨૧ ની ભલામણ મુજબ,વોર્ડ નં.–૧૧ ના વિવિધ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના પોલ તથા સ્ટ્રીટ લાઈટની વ્યવસ્થા કરવા બાબત..**

<u>**ઠરાવ.:–**</u>

**ફા.& લા.ક.ઠ.નં.૩ / તા.:૦૮/૦૪/૨૦૨૧ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વોર્ડ નંબર.: ૧૧, ના અબ્રામા ઝોન વિસ્તારમાં આવેલ (૧) મેલડી માતાના મંદીરની પાછળના તેમજ તાપાવાડ વિસ્તારમાં જયાં હાલે સ્ટ્રીટ લાઈટના પોલોની વ્યવસ્થા નથી તેવા જરૂરીયાતવાળા વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટોની પોલ ઉભા કરવા અને સ્ટ્રીટ લાઈટની વ્યવસ્થા કરવા માટે કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૫૦ / તા.:૧૯–૦૪–૨૦૨૧

—————————————————————————————————————————

<u>કામ નં.–૫૦.</u>

<u>વિષયઃ–</u> ગુ.મ્યુ.ફાઈ.બોર્ડના પત્ર ક્રમાંક : મફબ / યુ.૨/ ૧૫ મું નાણાપંચ / ૨૦૨૧ / ૩૫૨૦ તા.:૧૬/૦૨/૨૦૨૧માં જણાવ્યા મુજબ કેન્દ્ર પુરસ્કૃત ૧૫ માં નાણાપંચની યોજના હેઠળ વર્ષ ૨૦૨૨–૨૩ ની બીજા હપ્તાની ગ્રાન્ટ મેળવવા ન.પા. ધ્વારા વર્ષ ૨૦૧૯–૨૦ ની સામે ૨૦૨૦–૨૧ ના વર્ષ પ્રોપર્ટી ટેક્ષની આવક રાજય સરકારશ્રીનો જીએસડીપીમાં થયેલ વધારો / ઈન્ક્રીમેન્ટની ટકાવારી મુજબ પ્રોપર્ટી ટેક્ષ વધારવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ગુજરાત મ્યુની. ફાઈનાન્સ બોર્ડના પત્ર ક્રમાંક : મફબ / યુ.૨/ ૧૫ મું નાણાપંચ / ૨૦૨૧ / ૩૫૨૦ તા.:૧૬/૦૨/૨૦૨૧માં જણાવ્યા મુજબ કેન્દ્ર પુરસ્કૃત ૧૫ માં નાણાપંચની યોજના હેઠળ વર્ષ ૨૦૨૨–૨૩ ની બીજા હપ્તાની ગ્રાન્ટ મેળવવા નગરપાલિકા ધ્વારા વર્ષ ૨૦૧૯–૨૦ ની સામે ૨૦૨૦–૨૧ ના વર્ષ પ્રોપર્ટી ટેક્ષની આવક રાજય સરકારશ્રીનો જીએસડીપીમાં થયેલ વધારો / ઈન્ક્રીમેન્ટની ટકાવારી મુજબ પ્રોપર્ટી ટેક્ષની આવકમાં વધારો કરવાનો થાય છે. તે મુજબ એકજ માલિકીની ( એપાર્ટમેન્ટ સિવાય ) નવી આકારણી, જે મીલકત ઘણા સમયથી ટેક્ષ રજીસ્ટરે નોંધાયેલ ન હોય તેવી મિલકતો તેમજ રહેણાંક તરીકે ચાલતી મિલકતનો ઉપયોગ કોર્મશીયલ તરીકે થતો હોઈ, ખુલ્લા પ્લોટની રહેણાંક તથા બીન રહેણાંક આકારણી અલગ ગાળા કરવા, પ્રથમ માળના રહેણાંક કે બીન રહેણાંક મકાનની બાકી રહી ગયેલ આકારણી કરવાથી પ્રોપર્ટી ટેક્ષની આવકમાં વધારો થઈ શકશે. વધુમાં, સદર જણાવેલ મિલકતો તકરારી ન હોવી જોઈએ. જેથી ઉપર જણાવેલ સુચનોને ધ્યાનમાં લઈ પ્રોપર્ટી ટેક્ષ વધારવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૫૧ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

**કામ નં.–૫૧.**

**વિષયઃ–** **સાર્વજનિક વિજય મંડળ, પારડી સાંઢપોર–મોગરાવાડી, વલસાડ મંડળના ૫૭ માં રસોત્સવ પ્રસંગે પ્રસિધ્ધ થનાર અંકમાં સંસ્થાની જાહેરાત આપવા બાબત..**

**ઠરાવ.:–**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,સાર્વજનિક વિજય મંડળ, પારડી સાંઢપોર–મોગરાવાડી, વલસાડની તા.: ૨૪–૩–૨૦૨૧ ના રોજ આવક નંબર.: ૫૯૭૮ / તા.: ૨૬/૩/૨૦૨૧ થી સાર્વજનિક વિજય મંડળનાં ૫૭ માં રસોત્સવ પ્રસંગે પ્રસિધ્ધ થનાર " વિજય " અંકમાં સંસ્થાની જાહેરાત આપવા અંગેની અરજી આવેલ છે. જે અંગે કમીટીમાં ચર્ચાને અંતે સદરહું સંસ્થાને પ્રસિધ્ધ થનાર અંકમાં રૂા.૨૦,૦૦૦/–ની મર્યાદામાં નગરપાલિકાની જાહેરાત આપવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૫૨ / તા.:૧૯–૦૪–૨૦૨૧

—————————————————————————————————————

<u>કામ નં.–૫૨.</u>

<u>વિષયઃ–</u> અબ્રામા ઝોનમાં સફાઈ કામગીરી માટે માણસો ચાલુ રાખવા બાબતે..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, અબ્રામા ઝોનના તા.:૦૯/૦૯/ ૨૦૨૦ ના રોજ સફાઈ કામગીરી બાબતે કરવામાં આવેલ રીપોર્ટ તથા આ વિસ્તારના સભ્યશ્રીઓની રજુઆતને ધ્યાનમાં લઈ કા.સ.ઠ.નં.: ૨૬૯ / તા.:૦૭/૧૧/૨૦૨૦ થી મંજુર થયા મુજબ અબ્રામા ઝોન વિસ્તાર માટે ૧૨(બાર) કામદારો અને ૦૨ ડ્રાઈવરો વિગેરે તા.: ૩૧ / ૦૧ /૨૦૨૧ સુધી સફાઈ કોન્ટ્રાકટર પાસે સે.ક.ઠ.નં. ૫૧ / તા.:૧૧ /૦૬/૨૦૧૯ થી મંજુર થયેલ ભાવે સફાઈ તથા ડોર ટુ ડોર ઘન કચરા નિકાલ કામગીરી માટે લેવામાં આવેલ હતા, જેની મુદત તા.: ૩૧/૦૧/૨૦૨૧ ના રોજ પૂર્ણ થયેલ હોઈ, હાલે સ્વચ્છ ભારત મિશન કાર્યક્રમ ચાલુ હોઈ, અબ્રામા ઝોન પાસે કામદારો ઓછા હોઈ તેમજ આ વિસ્તારમાં સફાઈ તથા ઘન કચરા નિકાલની કામગીરી ચાલુ રાખવા માટે ૧૨ ( બાર ) કામદારો અને ૦૨(બે) ડ્રાઈવરો ગૌરી કન્સ્ટ્રકશન વાપીની એજન્સી પાસે તથા વારીગૃહ ખાતે આવેલ કમ્પોસ્ટ પીટ ઉપર કમ્પોસ્ટની કામગીરી માટે ૦૮(આઠ) વેસ્ટ પિકર્સ બાઈઓ રૂા. ૨૦૦/– અંકે રૂા.બસોના ઉચ્ચક પગાર તા.:૩૧/૦૩/૨૦૨૧ સુધી ચાલુ રાખેલ તેને બહાલ રાખવાનું તથા તા.:૩૧/૦૩/૨૦૨૧ ની કામગીરી બાદ તેઓને છુટા કરવાનું ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રીએ તેમના રીપોર્ટમાં જણાવેલ છે. તે મુજબ અમલ કરાવવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૫૩ / તા.:૧૯–૦૪–૨૦૨૧

——————————————————————————————————————————

<u>કામ નં.–૫૩.</u>

<u>વિષય:–</u> **અભ્રામા ઝોનમા રાખવામાં આવેલ સફાઈ કામદારોને ચાલુ રાખવા બાબત..**

<u>ઠરાવ.:–</u>

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, અભ્રામા ઝોનનો વિસ્તાર ખુબજ મોટો હોઈ સદર ઝોન પાસે ફકત ૧૭ સફાઈ કામદારો, ડોર ટુ ડોર કે અન્ય આરોગ્યની કામગીરી માટે હોઈ અભ્રામા ઝોનના સદરહુ બાબતે તા.:૦૯/૦૯/ ૨૦૨૦ ના રોજ રીપોર્ટ કરેલ હતો અને તે આધારે કા.સ.ઠ.નં.: ૨૬૯ / તા.:૦૭/૧૧/૨૦૨૦ ઠરાવ કરી સદર ઝોન માટે ૧૨(બાર) કામદારો અને બે ટ્રેકટર ડ્રાઈવરો એજન્સી મારફત રાખેલ હતા. જેની મુદત પુરી થતાં, હાલે નગરપાલિકામાં સફાઈ કામદારો, માણસો રાખવા નહી એવું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૫૪ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

<u>વ.કા. નં.–૧</u>
<u>વિષય:–</u> એજન્સી નિમવા બાબત.

<u>ઠરાવ.:–</u>

" ઘન કચરા વ્યવસ્થાપન નિયમો–૨૦૧૬ તથા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ નિયમો–૨૦૧૬ અંતર્ગત મંજુર કરવામાં આવેલ પેટા નિયમો હેઠળ શહેરી વિસ્તારમાં ડોર ટુ ડોર ભીના અને સુકા કચરાને એકત્ર કરવાની વ્યવસ્થા ગોઠવવવામાં આવેલ છે. પરંતુ પ્લાસ્ટિક વેસ્ટ શહેરી વિસ્તારની મોટી સમસ્યા છે. શહેરી વિસ્તારમાં રેગ પીકર્સ શ્રમજીવીઓ ધ્વારા પ્લાસ્ટિક વેસ્ટ એકત્ર કરી તેનું કબાડીવાળાને વેચાણ કરવામાં આવે છે. પરંતુ કબાડીવાળાઓ તરફથી તેનું યોગ્ય વળતર આ રેગપિકર્સોને આપવામાં આવતુ નથી. તેઓને વ્યાજબી વળતર મળી રહે તે માટે તથા તેઓને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ સીસ્ટમમાં જોડવાની બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી સઘન વિચારણાના અંતે સરકારશ્રી ધ્વારા રેગપિકર્સ શ્રમજીવીઓને તેમના કામના બદલમાં યોગ્ય વળતર મળી રહે તેમજ તેઓનું આર્થિક શોષણ ન થાય આ ઉપરાંત આ રેંગપીકર્સ પ્લાસ્ટિક કચરાને દુર કરી પર્યાવરણનું જતન કરવામાં ઘણી અહમ ભુમિકા ભજવતા હોઈ તેઓનો આર્થિક વિકાસ થાય અને તેની સાથે તેઓને અન્ય અનુસાંગીક લાભો મળી રહે તે માટે સરકારશ્રી ધ્વારા તેમના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણના ઠરાવ ક્રમાંકઃ– સભમ / ૧૩૨૦૨૦ / ૧૧૪ –થ–૧ / તા.:૦૮/૦૨/૨૦૨૧ થી રેંગપીકર્સ શ્રમજીવી આર્થિક વિકાસ યોજના અમલમાં મુકેલ છે.

આ યોજનાનો મુખ્ય આશય રેંગપિકર્સ શ્રમજીવીઓને તેમના કામના બદલામાં યોગ્ય વળતર આપવાનો તેમજ તેઓનું આર્થિક શોષણ ન થાય તેનું ધ્યાન રાખી તેઓને આર્થિક વિકાસ કરી તેઓનું જીવન ધોરણ ઉચું લાવવાનું છે. આ માટે નગરપાલિકાએ નગરપાલિકા વિસ્તારમાં પ્લાસ્ટિક વેસ્ટ કલેકશન સેન્ટર બનાવી આ પ્લાસ્ટિક વેસ્ટ કલેકશન સેન્ટર ઉપર જ વેસ્ટ પિકર્સો ધ્વારા એકત્ર કરાતા પ્લાસ્ટિક કચરાનું વેચાણ થાય તેમાં તેઓને જોગવાઈ મુજબ સબસિડી તેઓના બેંક ખાતામાં જમા કરાવવાની, તેઓને ઓળખકાર્ડ વિ. આપવાના થાય છે. આ ઉપરાંત આ ગાઈડ લાઈન મુજબ નગરપાલિકાએ આ યોજનાના અમલીકરણ માટે એક ઈ.પી.આર / રીસાઈકલર એજન્સીની પસંદગી કરી તેની સાથે કરાર કરવાનો થાય છે.

હાલે નિર્મલ વસુધરા પ્રા.લી રીંગ રોડ સુરતની એજન્સીએ સરકારશ્રીની સદરહુ યોજનાની ગાઈડ લાઈન મુજબ કામગીરી કરવાની તૈયારી દર્શાવેલ હોઈ તેમની સાથે આ યોજનાના અમલીકરણ માટે એક વર્ષનો કરાર કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.૫૫ / તા.:૧૯–૦૪–૨૦૨૧**

---

**<u>વ.કા. નં.–૨</u>**

**<u>વિષય:–</u> વો.વ.ક.ઠ.નં. ૦૭ / તા.:૦૬/૦૪/૨૦૨૧ની ભલામણ મુજબ, નગરપાલિકા હદ વિસ્તાર સુકી તલાવડી ખાતે અંદર ગ્રાઉન્ડ સંપ, ઓવર હેડ ટાંકી, પંપ હાઉસ વિગેરે બનાવવાના કામ અંગેનું એસ્ટીમેઈટ મંજુર કરવા બાબત.**

**<u>ઠરાવ.:–</u>**

**વો.વ.ક.ઠ.નં. ૦૭ / તા.:૦૬/૦૪/૨૦૨૧ની ભલામણ મુજબ,વલસાડ નગરપાલિકા હદ વિસ્તાર મોગરાવાડી ઝોન વિસ્તારોમાં આવેલ વિસ્તારોમાં પીવાનું પાણી ઓછા પ્રેશરે મળે છે. જે અંગેની રજુઆતો સદર વોર્ડના સભ્યશ્રીઓ તરફથી કરેલ છે. સદર વિસ્તાર હાલે ઝડપી ડેવલોપ થઈ રહેલ છે. સદર વિસ્તારોમાં ઘણા એપાર્ટમેન્ટો આવેલ છે અને નવા એપાર્ટમેન્ટો બનતા જાય છે. જેથી ભવિષ્યનું પણ આયોજન કરવાની જરૂર જણાય છે. જેથી નીચે જણાવ્યા મુજબ મોગરાવાડી સુકી તલાવડી ખાતે નવો અંદર ગ્રાઉન્ડ સંપ, ઓવર હેડ ટાંકી, પંપ હાઉસ, તેમજ તે માટેની મશીનરી અને રાઈઝીંગ મેઈન પાણીની પાઈપ લાઈન નાખવાની જરૂરીયાત જણાતા સદર કામ માટે ક્રિષ્ના કન્સ્લટન્ટશ્રી– આણંદ તરફથી સર્વે કરી સદર કામ અંગે** AS PER BOARD SOR 2019-20, AS PER GWSSB SOR 2019-20, AS PER R&B SOR 2015-16 **મુજબ, નીચે જણાવ્યા મુજબના કામોનો એસ્ટીમેઈટ રૂા.૨,૩૪,૦૦,૭૦૦/– નો રજુ કરેલ છે. સદર કામગીરી માટે એન. કે.પી.સી. ગુંદલાવ રિસર્ચ સેન્ટર પાસે સોઈલ ટેસ્ટીંગ કરવામાં આવેલ છે. સદરહું કામગીરી નામદાર સરકારશ્રીની યોજનામાં સમાવેશ કરી, જરૂરી દરખાસ્ત તૈયાર કરી, ના. સરકારશ્રીમાં સાદર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

AUGMENTATION OF WATER SUPPLY SCHEME FOR SUKI TALAVDI AT VALSAD.

<u>GENERAL SUMMARY</u>

| SR NO | DESCRIPTION | | TOTAL AMOUNT Rs |
|---|---|---|---|
| 1 | 9.0 Lac Liter Proposed UG Sump at Suki Talavdi | Rs | 3071000.00 |
| 2 | 4.5 Lac liter Proposed RCC esr 18.00 Mt. Height at Suki Talavadi | Rs | 5522200.00 |
| 3 | Proposed Rising Main From Valia UGS to Proposed UGS at Suki Talavadi, 300MM Dia DIK 20-9 Pipe 00.00 Rmt. | Rs | 9414200.00 |
| 4 | Proposed Rising Main From Proposed UGS to Proposed ESR at Suki Talavadi,350MM Dia DIK-9 Pipe 100.00 Rmt. | Rs | 520400.00 |
| 5 | Proposed Pump House 7.50 x4.50 at Suki Talavadi | Rs | 782600.00 |
| 6 | Proposed Submerged Centrifugal Pumping Machinery at Valia UGS to Suki Talavdi UGs.6300 LPM, 20 mt. Head 40.00 HP ( 2 Set ) | Rs | 1346700.00 |
| 7 | Proposed Submerged Centrifugal Pumping Machinery at Suki Talavdi UGS to ESR at Suki Tlavdi,5400 LPM,40 mt. Head 70.00 HP ( 2 Sets ) | Rs | 2062000.00 |
| | TOTAL RS. | | 22719100.00 |
| | Add 3% Contengencies Charges. | | 681573.00 |
| | TOTAL RS. | | 23400673.00 |
| | SAY.RS. | | 23400700.00 |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૫૬/ તા.:૧૯–૦૪–૨૦૨૧

---

વ.કા. નં.–૩

વિષય:– વો.વ.ક.ઠ.નં.૦૮/ તા.:૦૬/૦૪/૨૦૨૧ની ભલામણ મુજબ, જિલ્લા પંચાયત તિથલ રોડ ખાતે બનાવવામાં આવેલ નવી ઓવર હેડ પીવાના પાણીની ટાંકીમાંથી ગાયત્રી નગર, રીના પાર્ક, આહીરવાડ તેમજ શાંતિ નગર વિસ્તાર માટે વિગેરે માટે પીવાના પાણીની ડીસ્ટ્રીબ્યુશન લાઈનનો ડી.પી.આર. માં સમાવેશ કરી એસ્ટીમેઈટ મંજુર કરવા બાબત.

ઠરાવ.:–

વો.વ.ક.ઠ.નં.૦૮/તા.:૦૬/૦૪/૨૦૨૧ની ભલામણ મુજબ,વલસાડ નગરપાલિકા હદ વિસ્તાર તિથલ રોડ ઉપર આવેલ વિસ્તારોમાં પીવાના પાણી પૂરતા પ્રમાણમાં અને પૂરતા પ્રેસરે મળતું ન હોવાથી સદર વિસ્તારોમાં પૂરતા પ્રમાણમાં પાણી પહોંચાડવા માટે ના. સરકારશ્રીની અમૃત યોજના હેઠળ તિથલ રોડ ઉપર ઓવર હેડ ટાંકીનું આયોજન કરેલ છે. સદર ટાંકીનું બાંધકામ પૂર્ણ થવાને આરે છે. સદર ટાંકીને કાર્યરત કરવા નીચે જણાવ્યા મુજબ સદર ટાંકીના બાજુમાં અંદર ગ્રાઉન્ડ સંપ, પંપ હાઉસ, સંથી ટાંકીની રાઈઝીંગ મેઈન પાઈપ લાઈન, પંપીંગ મશીનરી કંમ્પાઉન્ડ વોલ તેમજ સદર વિસ્તારમાં ગાયત્રી સોસાયટી, લોહાણા સમાજથી સરદાર નગર, બાપુનગર સોસાયટી, કુસુક વિદ્યાલયના નાકા સુધી, રીના પાર્ક, આહીરવાડ, આહીરવાડ મંદિર પાસે વાલ્વથી નગરપાલિકા હદ સુધી પીવાના પાણીની ડીસ્ટીબ્યુશન પાઈપ લાઈન વિગેરેના કામો કરવાની જરૂરીયાત હોય સદર કામ ના.સરકારશ્રીની " નલ સે જલ " યોજના હેઠળ કરવા માટે ક્રિષ્ના કન્સ્લટન્ટશ્રી તરફથી સર્વે કરી વસ્તીના ડેટા મેળવી સદર કામનો ડી.પી.આર. બનાવી તે અંગેનો એસ્ટીમેઈટ રૂા. ૧૫૨૧૦૬૦૦/– રજુ કરેલ છે. સદર એસ્ટીમેઈટ મંજુર કરી જેની મંજુરી સરકારશ્રીમાંથી મેળવવા અંગેની દરખાસ્ત કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

AUGMENTATION OF WATER SCHEME OF TITHAL,ROAD WATER SUPPLY GENERAL UMMARY

| SR NO | DESCRIPTION | | TOTAL AMOUNT Rs |
|---|---|---|---|
| 1 | Proposed RCC UG Sump 10.00 Lac Lfter Capacity at Esisting Water Works Near Tithal Road | Rs | 3046000.00 |
| 2 | Proposed Pumping Machinery at UG Sump at Tithal Road WW to Proposed ESR at Tithal Road WW Discharging 2300 LPM against 30.0 m duty head 25 HP 2 sets ( 1 Working- 1 Standby) | Rs | 1642400.00 |
| 3 | Proposed 250 mm Dia DIK- 7 Rising Main from Proposed UG Sump to Proposed ESR at Tithal Road Water Works 50 Mtr.Length | Rs | 181900.00 |
| 4 | Distripution System Tithal Road Water Works. | Rs | 7722000.00 |
| 5 | Pump Room at Tithal Road 7.50x4.60 Mt. | Rs | 766300.00 |
| 6 | Compound Wall – 150.00 Rmt. | Rs | 1408900.00 |
| 7 | | | |
| | TOTAL RS. | | 14767500.00 |
| | Add 3% Contengencies Charges. | | 443025.00 |
| | TOTAL RS. | | 15210525.00 |
| | SAY.RS. | | 15210600.00 |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૫૭ / તા.:૧૯–૦૪–૨૦૨૧

---

<u>વ.કા. નં.–૪</u>

**<u>વિષયઃ–</u> જનરલ બોર્ડ ઠરાવ નં.–૧૧ / તા.: ૨૯–૦૪–૨૦૧૬ થી ઠરાવ્યા મુજબ બે–બે ઈન્ક્રીમેન્ટ અટકાવેલ એ પરત આપવા બાબત..**

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, અરજદારશ્રી સચિન્દ્ર કાપડીયાની અરજી પરત્વે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં વલસાડ નગરપાલિકાના બે ઈજનેરો વિરુધ્ધ સ્પે.સી.એપ્લી.નં.૬૭૩ / ૨૦૧૩ દાખલ થયેલ જે કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા તા.: ૧૮–૦૪–૨૦૧૬ ના રોજ ઓરલ ઓર્ડર કરેલ, જે ઓરલ ઓર્ડરમાં બંને ઈજનેરો પર શિક્ષાત્મક કાર્યવાહી કરવાની વલસાડ નગરપાલિકાના હાઈકોર્ટ પેનલના એડવોકેટ ધ્વારા બાંહેધરી આપવામાં આવેલ, જે અન્વયે વલસાડ નગરપાલિકાની સામાન્ય સભા તા.:૨૯–૦૪–૨૦૧૬ ના રોજ સામાન્ય સભા ઠરાવ નં.–૧૧ થી બંને આક્ષેપિત ઈજનેરોના બે–બે ઈન્ક્રીમેન્ટ અટકાવવા તથા તેઓને ચેતવણી આપી તાકીદ કરવાનું ઠરાવેલ હતું.

અરજદારશ્રીએ અત્રે રજુ કરેલ નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી બંને ઈજનેરો વિરુધ્ધ તા.:૧૮–૦૪–૨૦૧૬, તા.:૨૦–૦૭–૨૦૧૬ તથા તા.: ૧૫–૦૯–૨૦૧૬ ના હુકમોથી બંને આક્ષેપિત ઈજનેરો ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં એલ.પી.એ.નં.–૯૪૫ / ૨૦૧૬ દાખલ કરેલ. જેનો તા.: ૨૧–૦૯–૨૦૧૭ ના રોજ થયેલ હુકમથી તા.: ૧૮–૦૪–૨૦૧૬ ના રોજે કરેલ હુકમને રદ કરેલ છે. જેથી જનરલ બોર્ડ ઠરાવ નં.–૧૧ / તા.: ૨૯–૦૪–૨૦૧૬ અમલમાં રહેતો ન હોય, જેથી અટકાવેલ ઈન્ક્રીમેન્ટ પરત આપવા બાબતની અરજદારશ્રી ધ્વારા અરજી અત્રે આવેલ છે. જે ઉપરોકત હકીકતો ધ્યાને લઈ, અરજદારશ્રીને ઈન્ક્રીમેન્ટ પરત આપવા અંગે વકીલશ્રીનો લીગલ અભિપ્રાય મેળવી, આગામી કારોબારી સમીતીમાં રજુ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.૫૮ / તા.:૧૯–૦૪–૨૦૨૧**

---

**<u>વ.કા. નં.–૫</u>**

**<u>વિષયઃ–</u> નલ સે જલ યોજના હેઠળ જુદા જુદા દૈનિક પેપરોમાં આપેલ જાહેરાત અંગેના આવલ બીલો ચુકવવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,નામદાર સરકારશ્રીની " નલ સે જલ યોજના " અંગે દૈનિક પેપરોમાં જાહેરાત પ્રસિધ્ધ કરી, શહેરીજનોને સદર યોજના પાણીની સુવિધા / સેવાઓ મળે એવા ઉમદા હેતુથી શહેરીજનોને સંદેશો પાઠવવા સંબંધે દૈનિક પેપરોમાં બહોળી પ્રસિધ્ધી કરવા સ્થાનિક મુખ્ય દૈનિક પેપરો, સ્થાનિક મુખ્ય સાપ્તાહિક પેપરો તથા અન્ય સ્થાનિક ચેનલો / પ્રાક્ષિકો / સાપ્તાહિકો પેપરોમાં જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. સદર દૈનિક પેપરોમાં પ્રસિધ્ધ થયેલ " નલ સે જલ યોજના" અંગેની જાહેરાતના જુદી જુદી એજન્સીઓના આવેલ બીલો અંગે કમીટીમાં ચર્ચા વિચારણાનાં અંતે, મુખ્ય દૈનિક પેપર જેવાં કે, ગુજરાત સમાચાર, ગુજરાતમિત્ર,સંદેશ , દિવ્ય ભાસ્કર વિગેરેને રૂા.૧૦,૦૦૦/– સ્થાનિક સાપ્તાહિક–પ્રાક્ષિક વિ.નેરૂા.૫૦૦૦/– તેમજ અન્ય દૈનિક પેપર– સામાયિક –ચેનલ વિ.ને રૂા.૩૦૦૦/–ની મર્યાદામાં ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૫૯ / તા.:૧૯–૦૪–૨૦૨૧

————————————————————————————————————

<u>વ.કા. નં.–૬</u>

<u>વિષય:–</u> ધનકચરા નિકાલના વાહનોમાં જી.પી.એસ. સિસ્ટમ લગાવવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રીમાં રિપોર્ટમાં જણાવ્યા મુજબ,સરકારશ્રી ધ્વારા ચાલતા સ્વચ્છ સર્વેક્ષણ-2021 કાર્યક્રમ અંતર્ગત જુદી જુદી કામગીરી કરવા માટે અલગ ગાઈડ લાઈનો નકકી કરવામાં આવેલ છે તે પૈકી ધન કચરા નિકાલના વાહનોમાં જી.પી.એસ સીસ્ટમ લગાવવા માટેની પણ સૂચના છે. મે.કમિશ્નરશ્રી નગરપાલિકાઓ સુરત ઝોન તરફથી દર વીકે યોજાતી રિવ્યુ મિટીંગમાં આ મુદ્દા ઉપર પણ રિવ્યુ કરવામાં આવે છે. શાખાના કુલ– ૧૮ (અઢાર ) વાહનોમાં જી.પી.એસ સિસ્ટમ ખરાબ થઈ ગયેલ હોઈ, સિસ્ટમ ચાલતી ના હોઈ તે નવી નાખવાની તથા CM DESH BOARD પર ડોર ટુ ડોર ધન કચરા કલેકશનની APi સિસ્ટમ બનાવવાની જરૂરીયાત ઉપસ્થિત થવા પામેલ હતી.

આરોગ્ય શાખાના ધન કચરા નિકાલના ૧૮(અઢાર) વાહનોમાં જી.પી.એસ સિસ્ટમ લગાવવા વિગેરેનો ખર્ચ અંદાજે રૂા.૧.૫૦/–લાખની આજુ બાજુ થતો હોઈ તે માટે નિયમ મુજબની કાર્યવાહી કરવાની થાય છે. પરંતુ તેમાં ઘણો સમય જતો હોઈ કમિશ્નર કચેરી નગરપાલિકાઓ સુરત તરફથી યોજાતી રિવ્યુ મીટીંગમાં આ કામગીરી વહેલાસર પૂર્ણ કરવાની સતત સૂચના આપવામાં આવતી હોઈ તે બાબતે ઘ્યાને લઈ આ કામગીરી વહેલાસર પૂર્ણ કરવા નગરપાલિકાએ કા.સ.ઠ.નં.:૦૧ / તા.:૧૩ / ૦૪ /૨૦૨૧ થી જી.પી.એસ ડિવાઈસીસ લગાવવાના ભાવો મંજુર થયેલ છે. તે ભાવે ધન કચરા નિકાલના ૧૮ (અઢાર) વાહનોમાં જી.પી.એસ ટ્રેકિંગ સિસ્ટમ લગાવવાની તથા CM DESH BOARD પર ડોર યુ ડોર ધનકચરા નિકાલની APi સિસ્ટમ નાંખવાના ભાવો સે.ક.ઠ.નં.૭૭ / તા.:૧૩/૦૨/૨૦૨૧ થી મંજુર થયેલ છે. તે ભાવે સનરાઈઝ એજન્સી ઉગન્ડા રોડ,પોરબંદર પાસે તાત્કાલિક અસરથી આ કામગીરી કરાવેલ તેને બહાલ રાખવાનું તથા તેમના બિલનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

સહી/– અવાચ્ય,
( છાયાબેન યુ.પટેલ)
ચેરમેન,
કારોબારી કમીટી,
વલસાડ નગરપાલિકા.